ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## માણસ તેના મૂળભૂત ગૌરવને ઓળખે

ડૉ. ઇકબાલ ઇતિહાસના કોઇ એકાદ તબક્કે જ પ્રજાને પ્રાપ્ત થાય એવા મહાપુરુષ હતા. ઇતિહાસના એક એવા તબક્કે તેઓ ઉદયમાન થયા,જ્યારે પ્રજા અને તેની સંસ્કૃતિ જર્જર અવસ્થામાં હતાં, પ્રજા જાણે ખુદ પોતાની પિછાન ભૂલી ગઇ હતી, 'પોતે છે' એવી પ્રતીતિ ખોઇ બેઠી હતી, કશુંક છે તે બીજે, અને બીજામાં છે એવી ભ્રાંતિમાં સપડાઇ હતી એણે આ દૃષ્ટિને હચમચાવી મૂકયા, એમની સામે જાણે ઇતિહાસનો એક પડકાર જ ફેંકાયો હતો અને તે એમણે ઝીલી લીધો. **માનવીય ગૌરવના ઉદ્‌ગાતા ડૉ.ઇકબાલે માણસ તેના મૂળભૂત ગૌરવને ઓળખે, એટલું જ નહીં, એ પ્રખર પુરુષાર્થ દ્વારા તે ગૌરવને અને તેના દ્વારા અલ્લાહને પામે એવી પ્રબળ ઝંખનાએ ડૉ.ઇકબાલને પ્રવૃત્ત કર્યા.**

આ જગતમાં માણસ છે ત્યાં સુધી જીવન છે, જીવનવ્યવસ્થા છે, સમાજ છે, સમાજવ્યવસ્થા છે, વતન છે, વતનની વ્યવસ્થા છે, તે સર્વોત્તમ હોવી ઘટે, તો એવી સર્વોત્તમતા શી છે, કઇ છે? ડૉ. ઇકબાલના દર્શન અને ચિંતનની મુખ્ય ખોજ અને પ્રાપ્તિ એ જ છે અને તે જ તેમણે વાણી દ્વારા આપણા સુધી પહોંચાડયાં છે.

■ **જ. શાકિર ઉનિઆ સાહેબ,** નવસારી

રબીઉલ અવ્વલ ૧૪૪૭ | સપ્ટેમ્બર - ૨૦૨૫ | તંત્રી: મસ્ત મંગેરા

www.ssvmes.org www.vohratimes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com vohrasamachar@yahoo.com

## આપણી એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ કોસંબાનું ગૌરવ NBA નું એક્રેડીટેશન સંસ્થાના ત્રણ બ્રાન્ચ માટે મળ્યું

આપણા માટે ગૌરવની વાત છે કે એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, કોસંબા એ શૈક્ષણિક ઉત્તમતા અને ગુણવત્તાસભર શિક્ષણ પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતાનું ઉત્તમ દસ્તાવેજ ફરી એકવાર સ્થાપિત કર્યું છે. **નેશનલ બોર્ડ ઓફ એક્રેડિટેશન (NBA), નવી દિલ્હી** દ્વારા આપણી સંસ્થાની નીચે મુજબની ત્રણ (ડિપ્લોમા) પ્રોગ્રામોને **૩૦ મી જૂન ૨૦૨૮** સુધી માન્યતા **(Accreditation)** પ્રાપ્ત થઇ છે.

**૧. ડિપ્લોમા ઇન કોમ્પ્યુટર એન્જીનીયરીંગ**

**૨. ડિપ્લોમા ઇન ઇલેકટ્રીકલ એન્જીનીયરીંગ**

**૩. ડિપ્લોમા ઇન મિકેનીકલ એન્જીનીયરીંગ**

આ સિદ્ધિ આપણી સંસ્થાની સશકત માળખાકીય સુવિધાએ, નવીન શિક્ષણ પદ્ધતિઓ, ગુણવત્તાપૂર્ણ અભ્યાસક્રમો તથા ઇન્ડસ્ટ્રી સાથેના મજબૂત જોડાણને દર્શાવે છે.

આ અવસર પર અમે અમારા મેનેજમેન્ટ **ધી સુરતી સુન્ની વહોરો મુસ્લિમ એજયુકેશન સોસાયટી-સુરત,** ફેકલ્ટી સભ્યો, સ્ટાફ, વિદ્યાર્થીઓ, એલ્યુમની તથા સ્ટેકહોલ્ડર્સનો આભાર વ્યકત કરીએ છીએ જેમના સહકાર વિના આ સિદ્ધિ શકય નહોત.

**જઝાકુમુલ્લાહ**

## Help Received in Widow Fund from Preston - UK

We are deeply thankful to the **Muslim Community of Preston, UK,** and to **Maulana Ilyas Desai** as well as **Maulana Juned Desai** for their generous donation towards the **Widow Fund** of our Society, through the kind efforts of **Maulana Soyeb Yakub Bhaiyat Saheb, Sanjali,** Vice President (North Zone) of our Society.

The amount received is truly precious for us. **Jazakumullah Khairan.**

**May Allah (S.W.T.)** accept your generous contribution and grant you and your entire family the best of rewards in this world and in the Hereafter. **Aameen.**

## BCA બિલ્ડીંગ કોસંબાના બાંધકામ માટે મળેલ મદદ

- **જનાબ યુસુફ ઇશાકજી પટેલ સાહેબ (સાવાવાલા)** તરફથી રૂા.૧,૦૦,૦૦૦/- મળ્યા છે.
- **હાજી આઝમ મોહંમદ હાટીયા પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત** તરફથી રૂા.૧,૦૦,૦૦૦/- **જનાબ અસદભાઇ હાટીયા સાહેબ** હસ્તે મળ્યા છે.

**અલ્લાહપાક એમની આ નેક ખૈરાતોને કબૂલ ફરમાવી એનો બહેતરીન બદલો બન્ને જહાંનમાં અતા ફરમાવે. આમીન.**

- **કે.પી. હ્યુમન ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન સુરત** તરફથી રૂા.૪૦,૦૦૦/- સોસાયટીના **સદકાફંડ**માં મળ્યા છે.

## DONORS FROM INDIA

**THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY**
**UNION BANK OF INDIA**
**ACCOUNT NO : (CURRENT ACCOUNT) 311301010030025**
**IFSC CODE : UBIN0531138**
**BANK ADDRESS : Unapani Road, Station Road Branch, Surat-3, GUJARAT ( INDIA )**

## વહોરા સમાચાર

■ **હદીષ**

**તૌબા કરનેવાલોકે પાસ બેઠા કરો, કયું કે વો સબસે ઝિયાદા નરમ દીલ હોતે હૈ.**

■ **સુવિચાર**

**સંબંધ નિભાવો જ હોય તો કોઇના દુ:ખના ભાગીદાર બનીએ... જાહો જલાલી જોઇને તો અજાણ્યા પણ ઓળખાણ કાઢવા લાગે છે.**

**અંક : ૦૯**

**માસ : સપ્ટેમ્બર - ૨૦૨૫**

**માહે : રબીઉલ અવ્વલ ૧૪૪૭**

**તંત્રી : મસ્ત મંગેરા**

■ **કમાલે તકવા!**

હઝરત ફાતિમહ બિન્તે અત્તાર બગદાદીયહ (રહ.) કે મુતઅલ્લિક ઉન્કે ભાઇ ફરમાતે હૈં કે "વોહ ઝિંદગી મેં સિર્ફ તીન મરતબા ઘર સે બાહર નિકલી હૈં.

(૧) જિસ દિન ઉન્કા નિકાહ ઔર રૂખસ્તી હુઇ!

(૨) સફરે હજ્જ કે લિયે !

(૩) મૌત કે બાદ જનાઝે મેં !"

**(તારીખે ઇસ્લામ ઝહબી)**

## ■ તંત્રી સ્થાનેથી...!

ઉમર ખય્યામ કહે છે એમ, ઓહ! યુવાનીની કિતાબ તો પૂરી થઇ ગઇ, વસંત (ઋતુ) જેવી ખીલેલી જિંદગી જાણે કે એકાએક શિયાળા જેવી (સૂકી) થઇ ગઇ. યુવાની કયારે શરૂ થઇ એની ખબર પડે એ પહેલાં તો એ ચાલી પણ ગઇ.

માણસ આ રસ્તે દોડે કે પેલે રસ્તે દોડે એને એની મંજિલ મળે છે ખરી! મોટાભાગના લોકોની ઝંખના જુદી જ હોય છે અને જઇ પહોંચે છે જુદી મંજિલ. કરુણતા એ છે કે માણસ જિંદગીના આરે પહોંચે ત્યારે જ એને એમ લાગે છે કે જેની ઇચ્છા હતી એવું કશું તો એને મળ્યું જ નહીં. બહુ ઓછા માણસો પોતાની જિંદગીનો રસ્તો પોતે પસંદ કરીને, ચાલીને મંજિલ સુધી પહોંચી શકે છે. મોટાભાગના માણસોની કશ્તી તો પ્રવાહમાં તણાઇને જ કોઇક મંજિલ ઉપર પહોંચી જતી હોય છે. એટલે જ બહારથી હરીભરી લાગતી હોય એવા માણસની જિંદગીમાં પણ કયાંક અસંતોષ કે ખાલીપો હોય છે. પોતાની ખરી ઝંખના શું છે એની મોટાભાગના માણસોને સમયસર ખબર જ પડતી નથી અને એની સમજણ આવે ત્યાં સુધીમાં તો એ સમય જ વીતી ગયો હોય છે.

▪ **મસ્ત મંગેરા (કાંગવઈ)**

**E-mail : mastamangerakangwai@yahoo.com**
**Mob : 9426771991**

તંત્રી,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઇબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ,ઇન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન:- વહોરા સમાચાર,કાર્યાલય સ્થળ :- સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :-ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

## નેકી, તારાં નવલખ રૂપ

- મુસાજી દીપક બારડોલીકર

આપે (સ.અ.વ.) કહ્યું, કનીઝ તેની શેઠાણીને (માલિકણને) જન્મ આપશે અને જે લોકો ઉઘાડાપગા, ગરીબ, ગોવાળિયા હશે તેઓ ઊંચી-ઊંચી ઇમારતો બાંધશે.

અને ત્યાર પછી તે અજાણ્યો માણસ ચાલ્યો ગયો. તેના ગયા પછી હું (હઝરત ઉમર રદિ.) ત્યાં થોડી વાર રોકયો. નબી કરીમે (સ.અ.વ.) મને કહ્યું, જાણો છો, આ સવાલ કરનાર કોણ હતો? - મેં કહ્યું, અલ્લાહ અને તેના રસૂલ (સ.અ.વ.) બહેતર જાણે છે.

આપે (સ.અ.વ.) ફરમાવ્યું, એ જિબ્રઇલ (અલૈ.) હતા, જે તમને તમારા દીનની તાલીમ આપવા માટે આવ્યા હતા. (મુસ્લિમ)

### ભૂખ્યાને ખવડાવો

હઝરત અબૂ સઇદ વર્ણવે છે કે રસૂલુલ્લાહે (સ.અ.વ.) ફરમાવ્યું, જે મુસલમાન કોઇ વસ્ત્રહીનને કપડાં આપે તો અલ્લાહ જલ્લ શાનહુ તેને જન્નતનાં સબ્ઝ કપડાં પહેરાવશે અને જે મુસલમાન કોઇ ભૂખ્યાને જમાડે તો અલ્લાહ તેને જન્નતનાં ફળ ખવડાવશે અને જે મુસલમાન કોઇ પ્યાસાને પાણી પિવડાવે તો અલ્લાહ તેને જન્નતનું પાણી પિવડાવશે. (સુનન અબૂ-દાવૂદ)

### હયદરી હિદાયત

**(હઝરત અલી (ક.વ.) ના સોનેરી સુખન)**

- તે (અલ્લાહ) એવો છે, જેની દયા હંમેશ માટે રહેનારી છે અને જેની ન્યામત કયારેય ખૂટે એવી નથી.
- કયામતના દિવસે કુર્આન જેના ગુનાની માફી માટે સિફારીશ કરશે તે સિફારીશ કબૂલ કરવામાં આવશે અને જેને બૂરો કહેશે તે નુકસાનથી બચી શકશે નહીં.
- મોમિન (શ્રદ્ધાવાન) નો આનંદ તેના ચહેરા પર અને તેના હૃદયમાં હોય છે. તેનો સીનો વિશાળ અને તે પોતાને તુચ્છ સમજે છે અને માથું ઊંચકવાનું પસંદ કરતો નથી. તે ખામોશ ને કામકાજમાં વ્યસ્ત રહે છે.
- વિશ્વાસપૂર્વકની ઊંઘ શંકા-કુશંકાભરી નમાઝથી બહેતર છે.
- સદકો (ખેરાત) આપીને પોતાના ઇમાનનો પ્રબંધ કરો, ઝકાત આપીને સંપત્તિને બચાવો અને દુઆ વડે બલાઓના તોફાનને દૂર ધકેલી દો.
- જેણે વ્યર્થ વિવાદને દીન સમજી લીધો તેની સાંજ સવારમાં પલટાશે નહીં. (યાને તે ગુમરાહીમાંથી હિદાયતના માર્ગ તરફ આવશે નહીં)
- પોતાના પતિ સાથે સુઘડ જિંદગી ગુજારવી એ સ્ત્રીની જેહાદ છે.
- અમલ-સત્કર્મ કરો કે અમલને સરબુલંદ કરવામાં આવે છે, તૌબાથી લાભ થાય છે અને દુઆ સાંભળવામાં આવે છે.
- ઘણા આલિમો-વિદ્વાનો એવા છે, જેમના અજ્ઞાને તેમને બરબાદ કરી નાખ્યા છે. જોકે તેમની પાસે જ્ઞાન હતું, પણ તેમણે તેનો લાભ લીધો નહીં.
- સૌથી મામૂલી દરજ્જાનું જ્ઞાન તે છે જે જબાન પર હોય છે અને ઉચ્ચતમ જ્ઞાન તે છે જે અમલ દ્વારા પ્રગટ થાય છે.
- જે માણસે પોતાના મનની તુલના યા જાંચતપાસ કરી તે લાભમાં રહ્યો અને જેણે ગફલત કરી તે

ખોટમાં રહ્યો અને જેણે ખુદાનો ડર રાખ્યો તે બેખોફ થઇ ગયો.

- જે માણસ કોઇક વસ્તુની તલાશ આદરે છે તો તે તેને સંપૂર્ણપણે યા તેના કેટલાક અંશોને જરૂર પ્રાપ્ત કરી લે છે.
- ભંવરમાં ઘૂસે છે તે માણસ ડૂબે છે.
- નેકી કરનાર ખુદ નેકીથી બહેતર છે અને બદકાર બદીથી બદતર છે.
- વિનમ્રતા એ ઢાંકનારો હિજાબ (પરદો) છે અને અક્કલ એ ધારદાર તલવાર છે. તમારા ચારિત્ર્યની નબળાઇઓને તમે વિનમ્રતા વડે ઢાંકો અને તમારી મનેચ્છાઓને અક્કલની તલવાર વડે કતલ કરો.
- દરેક ન્યામતમાં અલ્લાહ-તઆલાનો હકહિસ્સો છે. જે માણસ આ હક અદા કરશે તેની ન્યામતમાં વધારો થશે અને હક અદા નહીં કરે તેની ન્યામત ખૂટવા લાગશે.
- તમને જ્યારે ન્યામતો મળવી શરૂ થાય તો નાશુકરી કરીને આવનારી આખરી ન્યામતોને રોકો નહીં.
- બીમારીમાં ચાલી શકાય એટલું ચાલો.
- જે માણસ મોટી ઉમેદો રાખશે તે પોતાના ચારિત્ર્યને ભ્રષ્ટ કરશે.
- જે માણસે પોતાનું રહસ્ય છુપાવ્યું તેણે ખૂબી અને સારાઇ મેળવી લીધી.
- સારી રીતભાત એ સૌથી મોટી શરાફત છે.
- અન્યની વસ્તુઓની આશા ન રાખવી એ સૌથી મોટી શ્રીમંતાઇ છે.
- લજ્જા જેને પોતાનાં વસ્ત્ર પહેરાવે છે, તેની એબ લોકો દેખી શકતા નથી.
- જે આદમી સત્ય સામે યુદ્ધે ચઢશે તેને સત્ય હરાવી દેશે.
- માણસનું મૂલ્ય તેના મહાન કાર્યથી અંકાય છે.
- ઘણી વાતો હત્યાથી વિશેષ કરપીણ હોય છે.
- ગુનાવૃત્તિનો ત્યાગ કરવો એ તૌબા કરવા કરતાં સહેલું છે.
- કંજૂસને મળશો નહીં, કેમકે એ તમને તમારી જરૂરતો હાંસિલ કરવાથી પણ રોકી દેશે.
- અકલમંદની જીભ તેના હૃદયની પાછળ હોય છે અને મૂર્ખ માણસનું હૃદય તેની જીભની પાછળ હોય છે.
- અલ્લાહ-તઆલાએ આદમીને અક્કલ ફક્ત એટલા માટે આપી છે કે તેની મદદથી તે એક દિવસે (કયામતમાં) નજાત (મુકિત) મેળવી શકે.
- સર્વોત્તમ શ્રીમંતાઇ અકલમંદી છે.
- જે માણસ સલાહમશ્વરાની દલીલોને આવકારે છે તેને ભૂલોનાં ભયસ્થાનોનું જ્ઞાન થઇ જાય છે.

(કલીદે-હિકમત: રાજા શીરાઝ અહમદ)

## જહન્નમના નીચલા થરમાં

નિ: શંક, દંભીઓ (મુનાફીકો) આગના સૌથી નીચલા થરમાં હશે અને તમે જોશો કે તેમનો કોઇ મદદગાર હશે નહીં. (૧૪૫) અલ-નિસાઅ-૪

(ઊજળો પંથ ઇમાનનો)

## કોહિસ્તાનમાં ઇસ્લામ

ઘણું કરીને ઇ.સ.૦૮ સુધી અફઘાનિસ્તાનમાં બિનઇસ્લામી રાજ હતું. ત્યાંની પ્રજા પણ કુફ્ર અને શિર્કના શેતાની કૂંડાળામાં ઘેરાયેલી હતી. જોકે એ પહેલાં પણ ઇસ્લામી ફતેહોનો સયલાબ આ પહાડી પ્રદેશમાંથી પસાર થયો હતો, પણ કાબુલના આકાશમાં ઇસ્લામી પરચમ ફરકાવવાનું માન તો મામુનુર્રશીદને જાય છે. આ અબ્બાસી ખલીફાના કાળમાં અફઘાનિસ્તાન અલ્લાહુ અકબર ના નાદથી ગુંજતું થઇ ગયું હતું. **(ક્રમશ)**

## આધ્યાત્મિક સફર

ઉર્દૂ લેખક: મૌ.ઇફતિખારઅહમદ કાસિમી સમસ્તીપૂરી
અનુવાદક : યુસુફખાન પઠાણ (ગુંજાવાળા)

અને ગુનાહની (પાપની) સૌથી મોટી આફત (વિપદા) એ છે કે માનવી અલ્લાહ તઆલાની ફરમાંબરદારી-આજ્ઞાંકિતતા અને બંદગીના સૌભાગ્યથી વંચિત થઇ જાય છે અને આ કેટલી મોટી મૂર્ખતાની વાત છે કે, માનવી ફક્ત જીભના સ્વાદ (ચટકા) ને માટે ભોજનનું સંતુલન ગુમાવીને બીમાર થઇને હવે પછીના ઉત્તમથી ઉત્તમ ભોજનથી (પણ) વંચિત થઇ જાય! એવી જ રીતે મનના ક્ષણિક આનંદ માટે પાપ (ગુનાહ) કરીને અલ્લાહ તઆલાની ફરમાંબરદારી-તાબેદારી અને તેની બંદગીની મીઠાશથી વંચિત થઇ જવું એ કેટલી મોટી મૂર્ખતા છે, કેટલી મોટી બદનસીબી છે.

વ્યક્તિગત ગુનાહની આપત્તિ વ્યક્તિગત હોય છે અને સામૂહિક ગુનાહનો અઝાબ (પાપની સજા) સામૂહિક હોય છે. આજે તો દરેક વ્યક્તિ અને દરેક કૌમ (સમાજ) કોઇ ને કોઇ ગુનાહમાં સંડોવાયેલી નજરે પડે છે. જીવનના દરેક પાસાંમાં શાંતિ અને સલામતી છીનવાઇ ગયા છે. દરેક ઘર વેરાન છે. દરેક આવાસ બરબાદીથી ખરડાયેલ છે. પરાયા તો પરાયા, પરંતુ પોતીકા પણ હવે પોતીકા રહયા નથી. દરેક વ્યક્તિ સ્વાર્થી (સ્વાર્થ પરાયણ) અને પોતાના જ લાભની ચિંતા કરનાર મતલબી બની બેઠો છે. દેખીતી રીતે બધા સંગઠિત જણાય છે, પરંતુ તેમના મન એકબીજાથી ફરેલા છે. પત્ની પતિથી દગો કરે છે અને પતિ પત્નીથી છળ કરે છે. સંતાનો માટે આજનો પિતા, પિતા નહીં; પરંતુ પાપ બની ગયો છે. દીકરી મા ઉપર હુકમ ચલાવે છે અને મા દીકરી માટે એક પહાડ જેવી (પર્વતસમ) બની ગઇ છે. ભાઇ ભાઇનો દુશ્મન અને મિત્ર-મિત્ર માટે મુખ્લિસ નથી. બાહ્ય અને આંતરિકમાં સમન્વય જોવા મળતો નથી.

**બ-ઝાહિર કુછ બ-બાતિન કુછ, યે હૈ બાઝીગરી અપની**

ક્યાંક લોકો દુષ્કાળને કારણે મરી રહયા છે, તો ક્યાંક પૂરથી, ક્યાંક ધરતીકંપ છે તો ક્યાંક તોફાન. ટૂંકમાં બધે બગાડ જ બગાડ છે. આ બધું લોકોના દુષ્કર્મોનું પરિણામ છે. કુર્આન ફરમાવે છે:

ظَهَرَ الْفَسَادُ فِي الْبَرِّ وَالْبَحْرِ بِمَا كَسَبَتْ أَيْدِي النَّاسِ
لِيُذِيقَهُمْ بَعْضَ الَّذِي عَمِلُوا لَعَلَّهُمْ يَرْجِعُونَ ۝

ભાવાનુવાદ: **જમીન અને સમુદ્રમાં બગાડ પેદા થઇ ગયો છે લોકોના પોતાના હાથોની કમાણીથી, જેથી સ્વાદ ચખાડે તેમને તેમના કેટલાક કર્મોનો. કદાચ તેઓ પાછા ફરે.** (સૂ.રૂમ, : ૪૧)

આજે તો કચેરીના નોકરો અને સંસ્થાના કારકુનો દ્વારા અમલદારોના અન્યાય અને વ્યવસ્થાપકો (મેનેજરો) ના અત્યાચારની ફરિયાદ કરવામાં આવે છે, પરંતુ આ લોકો એ ભૂલી જાય છે કે આ બધા એમના પોતાના જ દુષ્કૃત્યો-દુરાચરણ છે જે એમના ઉપર થોપી દેવામાં આવ્યા છે. એક હદીષે કુદ્સીમાં ખુદ અલ્લાહ તઆલા ફરમાવે છે કે, **બાદશાહોનો માલિક હું છું. બાદશાહોના દિલ મારા હાથમાં છે. જ્યારે લોકો મારી આજ્ઞાઓનું પાલન કરે છે તો હું તેમના બાદશાહોના (રાજાઓના) દિલોને એમના ઉપર રહમત (કૃપા) અને સહાનુભૂતિ (મહેરબાની) થી બદલી નાખું છું અને જ્યારે મારા બંદા મારી આજ્ઞાઓનું ઉલ્લંઘન કરે છે (મારા હુકમોનો અનાદર કરે છે) તો હું આ રાજાઓના દિલોને ગુસ્સા અને સજાઓથી બદલી નાખું છું, પછી તેઓ તેમને (બંદાઓને) સખત તકલીફ અને પીડા આપે છે.** (હદીષે કુદ્સી - ૪૮)

અને એક રિવાયતમાં આવે છે أَعْمَالُكُمْ عُمَّالُكُمْ **(અઅ્માલુકુમ ઉમ્મા-લુકુમ)** અર્થાત્ તમારા આચરણ -તમારા અમલ જ તમારા સરદાર (હાકિમ-રાજા) છે.

હદીષ શરીફમાં આવે છે કે, **જ્યારે કોઇ કોમમાં બેશરમીના કાર્યો ખુલ્લંખુલ્લા થવા લાગશે તો તે પ્લેગની બીમારીમાં સપડાશે, અને એવી એવી બીમારીઓ-એવા એવા રોગોમાં ઝકડાશે કે જે પહેલાં કયારેય (કોઇને) નહીં થયા હોય. જ્યારે કોઇ કોમ અન્યાય કરવા લાગશે અને અલ્લાહની મરજી વિરૂદ્ધ પોતાના નિર્ણયો આપવા લાગશે તો તે (કોમ) ગરીબી અને ભૂખમરામાં સપડાશે. જ્યારે કોઇ કોમ માપવામાં અને તોલવામાં (માપ-તોલમાં) વજન કરવામાં ઓછું કરશે તો તે દુકાળ અને શાસકોના અત્યાચાર (જુલ્મ) નો શિકાર થશે. જો કોઇ કૌમે ઝકાત આપવાનું બંધ કર્યું તો તેના ઉપર વરસાદ રોકી લેવામાં**

**આવશે. જો જાનવર ન હોત તો કયારેય તેમના ઉપર વરસાદ ન વરસત. જો કોઇ કૌમે વચનભંગ કર્યો તો અલ્લાહ તઆલા તેના ઉપર તેના દુશ્મનને ઠોકી બેસાડશે, પછી તે તેના માલને બળજબરી પૂર્વક લઇ લેશે.**

(અત્તરગીબ વ તરહીબ: ૧૧૮ - ૩૦)

દેખીતી રીતે પાપ-ગુનાહ કરવામાં આનંદની અનુભૂતિ થાય છે, પરંતુ આ આનંદ એવો છે, જેવો કે ખંજવાળનો આનંદ (ખંજવાળથી મળતો આનંદ) કે ખરેખર તેમાં કોઇ પ્રકારનો આનંદ નથી હોતો, પરંતુ બીમારી-રોગને (ખંજવાળને) લીધે આનંદની અનુભૂતિ થાય છે, કેમ કે ખંજવાળ્યા પછી તરત જ બળતરા અને પીડા થવા લાગે છે. છતાં આપણી એ મૂર્ખતા છે કે આપણે બીમારીના આવા આનંદને સંતોષનો સામાન સમજીએ છીએ. જેવી રીતે સાંપે જે (વ્યક્તિ) ને ડંખ માર્યો હોય તેને કડવી વસ્તુ પણ મીઠી (ગળી) લાગે છે. તેથી પાપ કરીને આનંદ માણવો એ ડહાપણભર્યું કામ નથી. સાચો આનંદ અને સાચું સુખ તો ફરમાંબરદારી (અલ્લાહ તઆલાની આજ્ઞા-હુકમનું પાલન કરવામાં) અને ઉપાસના (બંદગી) કરવામાં જ છે.

એક અમેરિકી ડોક્ટર કહે છે કે, ગુનાહથી પહેલાં શરીર હળવું બીમાર હોય છે, અને ત્યાર પછી માટીના આ શરીરને બીમારી લાગુ પડી જાય છે, ક્રોધ (ગુસ્સો) તંદુરસ્તીને ઘણું મોટું નુકસાન પહોંચાડે છે, તેનાથી થૂંકમાં એક પ્રકારનું ઝેર પેદા થાય છે. એવી જ રીતે ત્વરિત ઉત્તેજનાથી ફક્ત દિલ જ નબળું પડે છે એવું નથી, પરંતુ ગાંડપણ (પાગલપણું) અને મૃત્યુ પામવા સુધીની નોબત આવી શકે છે, તો બીજી બાજુ મુહબ્બત (સ્નેહ) સહાનુભૂતિ, કૃપા, ઉપકાર અને નિષ્કપટતાથી શરીરની તંદુરસ્તીમાં વધારો થાય છે અને જીવન અમૃત લાંબા આયુષ્ય (હયાતબક્ષ) ની ધારાઓ (ઝરણાં) પેદા થાય છે, જે પાપના ઝેરને અમૃતમાં બદલી નાખે છે.

ગુનાહની શૃંખલા (શ્રેણી) માં ડોકટરી વિજ્ઞાનની આધુનિક શોધ એવી છે કે પાપને લીધે વ્યાકુળતા, શંકા-કુશંકા અને માનસિક રોગ પેદા થાય છે, કેમ કે પાપને લીધે લોહીમાં હિસ્ટામીનનો વધારો જોવા મળે છે, જેને લીધે મગજના કોષ (BRAIN CELLS) વધારે પ્રમાણમાં પ્રભાવિત થાય છે અને માનવી અસંખ્ય ઘાતક બીમારીઓમાં સપડાઇ જાય છે. કેટલાક પાપોની નહૂસત (ખરાબ દુર્ઘટનારૂપ ચેતવણી) ની અસરો માનસિક રોગ સ્વરૂપે સામે આવે છે-કેટલીક માનસિક બિમારીઓ સ્વરૂપે સામે આવે છે. તેથી પાપ કરવું એ એવું કાર્ય છે કે માનવી ઇરાદાપૂર્વક પોતાને રોગોને હવાલે કરે છે અને પાપોથી બચવું એવું છે જાણે કે પોતાને બીમારીઓથી (રોગોથી) સુરક્ષિત રાખવું.

## ભલાઇઓના (સુ) ફળ નેકીનો બદલો

અલ્લાહ તઆલાની તાબેદારી કરવી અને પાપોથી બચતા રહેવાને નેકી - ભલું કાર્ય કહેવામાં આવે છે. એવી જ રીતે અલ્લાહના સર્જન સાથે હમદર્દી અને સદ્ભાવ રાખવો, કોઇનો હાથ પકડવો અર્થાત્ કોઇની મદદ કરવી, મુશ્કેલી સમયે કોઇને કામ આવવું પણ નેકી-ભલું કાર્ય છે અને ભગ્ન (તૂટેલા) હૃદયો-દિલોને જોડવા એ સૌથી ઉત્તમ નેકી છે.

જયારે માનવી ગુનાહ કરવાનું છોડી દે છે- ત્યજી દે છે તો તે અલ્લાહ તઆલાનો વલી (મિત્ર) બની જાય છે અને એક દિવસ માટે પણ પાપનો ત્યાગ કરવો એ એવું છે કે જાણે કે એ આખો દિવસ અલ્લાહના નબીઓ સાથે પસાર કર્યો હોય! જેવી રીતે પાપ અલ્લાહના પ્રચંડ ગુસ્સાને આમંત્રણ આપે છે, એવી જ રીતે નેકી અલ્લાહની રહમત, દયાળુ કૃપાળુ અલ્લાહ તઆલાની રહમત-કૃપાદૃષ્ટિને ખેંચી લાવે છે. હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, ભલાઇના લીધે માનવીના ચહેરા ઉપર ચમક, દિલમાં દિવ્ય પ્રકાશ, રોજીમાં વિપુલતા, શરીર માં શકિત અને લોકોના દિલમાં મુહબ્બત પેદા થાય છે.

પાપ કરવામાં જો કે આનંદની અનુભૂતિ થાય છે, આમ છતાં તે અનંદ ઝડપથી દુ:ખમાં પરિણમે છે અને ભલાઇને ખાતર વેઠવામાં આવેલું દુ:ખ કાયમી ખુશીમાં ફેરવાઇ જાય છે. એક પશ્ચિમી તત્ત્વચિંતક કહે છે:

SUFFERING IS DESIGNED TO CONTINUE SO LONG AS SIN CONTINUES. THE MOMENT THE VIOLATION CEASES, THE CAUSE OF SUFFERING IS GONE.

(ક્રમશ)

## શિક્ષણ મંથન

તેથી આ પહેલી જરૂરત છે કે આપણે હાઇસ્કૂલ સુધીના શિક્ષણ પર ભરપૂર ધ્યાન આપીએ. આ જ એ સમય હોય છે, જેમાં બાળકોની ઝહેન સાઝી કરી શકાય, તેમના મન-મસ્તિષ્કમાં વિચારોનું નિર્માણ કરી શકાય છે અને શિક્ષણનો પાયો મજબૂત બનાવી શકાય છે, જો આ તબક્કે ધ્યાન આપવામાં ન આવે તો તે વિદ્યાર્થી હંમેશાં નબળો અને હતોત્સાહિત રહેશે, કેમ કે:

**ખિશ્તે અવ્વલ ચું નહદ મિઅમાર કજ**
**તા સુરૈયા મી રવદ દીવાર કજ**

(અર્થાત્ કોઇ ઇમારત બનાવનાર કડિયો પહેલી ઇંટ જ ટેઢી ને વાંકી મૂકી દે, પછી દીવાર ભલેને સુરૈયા (એક ગ્રહ) સુધી પણ કેમ પહોંચી ન જાય, તે વાંકી ને વાંકી જ રહેશે)

પરંતુ સવાલ એ છે કે મુસ્લિમ મેનેજમેન્ટવાળી શાળાઓની સ્થાપનાનો હેતુ, સરકારી કે બિનમુસ્લિમ મેનેજમેન્ટવાળી શાળાઓની જેમ સ્વતંત્ર શિક્ષણ છે, કે પછી અન્ય કોઇ મોટો ધ્યેય છે ? કારણ કે આ ધ્યેય માટે તો પહેલેથી જ મોટી સંખ્યામાં શાળાઓ અને કોલેજો મોજૂદ છે, મુસ્લિમો દ્વારા સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓનો મુખ્ય ધ્યેય એ હોવો જોઇએ કે તેમને આધુનિક શિક્ષણની સાથે સાથે ઇસ્લામી માહોલ પ્રદાન કરવામાં આવે, તેમના દિલોમાં ઇસ્લામી મૂલ્યોની અઝમત આવે, તેઓ મુસલમાન હોવાને લઇને લઘુતા ન અનુભવે, તેઓ બીજું બધુ બને પણ પહેલાં મુસલમાન બને, અકબર ઇલાહાબાદી ના કહેવા મુજબ:

**તુમ શોક સે કોલેજ મે પઢો, પાર્ક મે ફૂલો**
**જાઇઝ હે ગુબારોં પર ઉડો, ચર્ખ પર જૂલો**
**લેકિન યે સુખન બંદા-એ-આજિઝ કા રહે યાદ**
**અલ્લાહ કો ઓર અપની હકીકત કો ન ભૂલો**

આ માટે કેટલીક બાબતો ખૂબ જ મહત્વની અને જરૂરી છે અને મુસ્લિમ મેનેજમેન્ટની ધાર્મિક અને નૈતિક ફરજ છે કે તે તેના ઉપર ધ્યાન આપે.

પહેલી વાત તો એ છે કે શાળાના માહોલમાં ઇસ્લામી મુઆશરાને પ્રોત્સાહન આપવામાં આવે અને બાળકોની રહેણીકરણી ઇસ્લામી સભ્યતા અને ઇસ્લામિક કલ્ચરનું પ્રતિનિધિત્વ કરતી હોવી જોઇએ. મુસ્લિમોના સંચાલનમાં હોય તેવી શાળામાં ગુડ મોર્નીંગ, ગુડ આફ્ટરનૂન, ગુડ ઇવનિંગ બોલવાની તાલીમ અપાય છે, દેખીતી વાત છે કે આ મુલાકાત અને અભિવાદનની ગેરઇસ્લામી રીત છે, ઇસ્લામ પૂર્વે આરબોમાં મુલાકાત અને અભિવાદન માટે આ પ્રકારના શબ્દો પ્રયોજાતા હતા કે, અલ્લાહ તમારી આંખોને ઠંડી રાખે અથવા શુભ સવાર, પરંતુ અલ્લાહના રસૂલ (સ.અ.વ.) એ આ શબ્દોને પસંદ ફરમાવ્યા નહીં, અને કહ્યું કે, આને બદલે, મુલાકાત સમયે અસ્સલામુ અલૈકુમ વ રહમતુલ્લાહી વ બરકાતુહુ કહો, જેનો અર્થ થાય છે, અલ્લાહ દીન અને દુનિયાના તમામ નુકસાનથી તમારું રક્ષણ કરે અને તમારી ઉપર અલ્લાહની દયા અને દુઆ રહે. આ એક ખૂબ જ અર્થપૂર્ણ દુઆ છે, એક મુસલમાન બીજા મુસલમાનને આનાથી સારી દુઆ આપી શકતો નથી, આપણી શાળાઓમાં, બાળકોને આ પ્રકારના અભિવાદન કે મુલાકાત વખતેની રીતભાતની ટેવ પાડવામાં આવે, કેમ કે આ રીત સાથે આપણી ઓળખ પણ જોડાયેલી છે.

એ જ રીતે, યુનિફોર્મનો મુદ્દો છે, યુનિફોર્મ શરીઅતના દાયરામાં હોવો જોઇએ, આજકાલ ઘણી મુસ્લિમ શાળાઓમાં પણ છોકરીઓને સ્કાફ પહેરવાની મનાઇ કરાય છે, એવું ફ્રોક પહેરવાનું કહેવામાં આવે છે જેમાં હાથ કોણી કે તેથી ઉપર સુધી ખુલ્લા રહે, કેટલીક શાળાઓમાં છોકરીઓ

પાયજામાને બદલે સ્કર્ટ પહેરે છે, આ બાળકીઓ લગભગ તરુણાવસ્થા અને બાલિગવયની હોય છે, છતાં તેમના વાળ ખુલ્લા, તેમના હાથ ખુલ્લા, તેમના પગ ખુલ્લા અને કપડા ચુસ્ત હોય છે, દેખીતી વાત છે કે આ માત્ર ઇસ્લામ જ નહીં; પરંતુ માનવતાની ગરિમાની પણ વિરુદ્ધ છે. આપ (સ.અ.વ.) એ ઇર્શાદ ફરમાવ્યું છે કે, સ્ત્રી એ સંપૂર્ણ પડદો છે. એવાં કપડાં કે જેમાંથી શરીરની કદ-કાઠી સ્પષ્ટપણે જાહેર થતી હોય, જેનાથી શરીરના વળાંકોને અનુભવી શકાતા હોય અને શરીરનો બાંધો સ્પષ્ટ દેખાતો હોય, તે બિલકુલ જાઇઝ નથી અને મનોવૈજ્ઞાનિક રીતે પણ આવો યુનિફોર્મ રાખવો હાનિકારક છે, જે માહોલમાં આ રીતે ખુલ્લી થઇ છોકરીઓ રહેતી-ફરતી હોય, આંખથી આંખ ટકરાતી હોય, ખુલ્લા હાથ અને નગ્ન ટાંગો પર નજર પડતી હોય, તો એ વાત નક્કી છે કે આ સ્થિતિ છોકરાઓની માનસિક એકાગ્રતાને ખોરવી નાખશે, દિલમાં જાતજાતના વિચારો આવશે અને મનમાં ઉત્તેજનાના તરંગો ઉછાળા મારશે, આવો વિદ્યાર્થી કેમ કરીને તેના પાઠ અને શિક્ષકના લેકચરમાં ધ્યાન પરોવી શકશે ? અને જયારે ધ્યાન અને એકાગ્રતા જ બાકી ન રહે, તો તે પુસ્તકના વિષયોને કેવી રીતે હલ કરી શકશે. છોકરીઓને આના કારણે બે સમસ્યાઓનો સામનો કરવો પડે છે, એક તો આ જ માનસિક મૂંઝવણ છોકરીઓ સાથે પણ ઉભી થશે, બીજું આવા પોશાકને કારણે તેઓને લંપટ અને લફંગા છોકરાઓની છેડતીના ભયનો સામનો કરવો પડે છે, તેઓની અભદ્ર કમેન્ટ્સ, સતત તાકયા કરવું અને છેડછાડના પરિણામે છોકરીઓ માનસિક તાણનો ભોગ બને છે અને વર્ગખંડમાં આવતી-જતી વખતે તેમને સતત એવું લાગ્યા કરે છે કે કેટલીક હવસખોરને કામુક નજરો તેમનો પીછો કરી રહી છે, સ્વાભાવિક વાત છે કે આવા ડર અને માનસિક તણાવના માહોલમાં તેઓને માનસિક એકાગ્રતા કેવી રીતે મળી શકશે ?

તેથી યુનિફોર્મમાં ઇસ્લામિક અને નૈતિક મૂલ્યોનો લિહાજ અને કાળજી રાખવી જોઇએ. શર્ટ, ટ્રાઉઝર, સ્કાર્ફ અને પુખ્ત છોકરીઓ માટે નકાબ, જેથી તેમનું શરીર યોગ્ય રીતે ઢંકાયેલું રહે, છોકરાઓ માટે પણ આકર્ષક, પરંતુ ઇસ્લામિક શૈલીનો પ્રતિનિધી લિબાસ હોવો જોઇએ, કેટલાક પાડોશી દેશોમાં જોવામાં આવ્યું છે કે પઠાણી સૂટ શાળાના યુનિફોર્મ તરીકે નિર્ધારિત કરેલો છે, તે સુંદર પણ છે, અને ઢીલોઢાલો હોવાને કારણે તબીબી દ્રષ્ટિએ સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક છે અને સંપૂર્ણ રીતે શરીરને ઢાંકનાર પણ છે. જો મુસ્લિમ મેનેજમેન્ટવાળી શાળાઓમાં આવા યુનિફોર્મ રાખવામાં આવે તો તેમાં ખોટું શું છે ? શું શરીરનું પ્રદર્શન અને અપૂર્ણ વસ્ત્રોથી વિદ્યાર્થીની માનસિક અને બૌદ્ધિક શકિતમાં વધારો થાય છે ? શું માણસની યાદદાસ્ત કે તેની બુદ્ધિમત્તા સાથે પણ તેનો કોઇ સંબંધ છે ? અને જ્ઞાન-વિજ્ઞાનના ઇતિહાસમાં જે ખ્યાતનામ હસ્તીઓ અને મહાનુભાવો થયા છે, તેઓ આ પ્રકારનો યુનિફોર્મ પહેરીને જ શૈક્ષણિક અને સાહિત્યિક કામ કરતાં હતા ? દેખીતી વાત છે કે, એવું નથી, આ તો પશ્ચિમી સંસ્કૃતિ પ્રત્યેના મોહ અને પોતાની સંસ્કૃતિ અને સભ્યતા વિશેની લઘુતાગ્રંથિ અને બૌદ્ધિક હીનતા દર્શાવે છે ! બીજી એક મહત્ત્વની બાબત કુમાર-કન્યા માટે અલગ-અલગ શિક્ષણની વ્યવસ્થા છે. કમનસીબે, સહ-શિક્ષણ એ આજકલ એક ફેશન બની ગયું છે. ગર્વથી તેની એડવર્ટાઇઝ કરવામાં આવે છે કે અમારે ત્યાં કો એજયુકેશનની સિસ્ટમ છે. આ તદ્દન નાદાની છે અને માત્ર ઇસ્લામથી દૂરી જ નથી; બલ્કે, શૈક્ષણિક મનોવિજ્ઞાનથી પણ અજ્ઞાનતાની દલીલ છે. (ક્રમશઃ)

# કેટલાંક દિવસો ટોકીયો અને બેજીંગમાં

- યુસુફઅલી મંગેરા, લંડન - યુ.કે.

મેઇજી શાસને વિવિધક્ષેત્રે સુધારા કર્યા. એના પર ચુસ્તપણે અમલ પણ કર્યો. અને ક્રાંતિનો યુગ શરૂ થયો. દુનિયાનાં આધુનિક રાષ્ટ્રોની હરોળમાં મુકાયું. સૈન્યની નવેસરથી રચના કરી પશ્ચિમીકરણ અપનાવ્યું. કેટલાક સામાજીક નિયંત્રણો દુર કરાયા. લોકમતને આવકારવામાં આવ્યો. સમ્રાટની રાજધાની કયોટાથી બદલીને EDO (નવું નામ TOKYO) લાવવામાં આવી. નવું બંધારણ ઘડવામાં આવ્યું. વહીવટીતંત્રનાં વડા તરીકે સમ્રાટને સ્થાન આપવામાં આવ્યું. વિદેશો પાસેથી શિક્ષણનું માળખું મેળવ્યું. પણ વિષયો જરૂરત મુજબ પોતાના જ રાખ્યા. આધુનિકરણથી એવી હરણફાળ ભરી કે ટુંક સમયમાં ઘણું આગળ નીકળી ગયું.

૧૮૬૬ માં ઇંગ્લેન્ડથી સુતરાઉ કાપડ વણવાની મશીનરી અને કારીગરો લાવવામાં આવ્યા. ૧૮૭૧ માં તાર-ટપાલ પદ્ધતિ દાખલ કરી. ૧૮૯૩ સુધીમાં ૨૦૦૦ માઇલની રેલ્વે નંખાઇ ગઇ. મિત્સુઇ, મિત્સુબીશી, સુમિતોમા તેમજ બીજા ધનવાન કુટુંબો ઉદ્યોગમાં ઝંપલાવ્યું. કેટલાંક ક્ષેત્રે ઘણો ઝડપી વિકાસ કર્યો. નવા ઉદ્યોગો માટે કાચો માલ અને બજારો મેળવવા બીજા દેશો તરફ ખાસ કરીને મંચુરીયા અને કોરીયા તરફ નજર ગઇ. શસ્ત્રોનાં કારખાના શરૂ થયા. લશ્કરી તાલીમ પર ધ્યાન અપાયું. સમ્રાજય વાદની નીતિ અપનાવી અને મંચુરીયા અને કોરીયાનાં કેટલાંક પ્રદેશો જીતી લીધા. આર્થિક પ્રશ્નોને હલ કરવા સમ્રાજય વાદનો વિકાસ એ સારો ઉપાય લાગ્યો.

ઇ.સ. ૧૮૯૪ થી ઇ.સ. ૧૯૩૧ દરમિયાન આર્થિક ક્ષેત્રે અસાધારણ પ્રગતિ કરી. ઉદ્યોગ પ્રધાન દેશ બન્યો. ખેતીમાં પણ વિકાસ કર્યો અને ટાપુઓનો દેશ હોવાથી મત્સ્ય ઉદ્યોગોએ ખુબ વિકાસ કર્યો.

ઇ.સ. ૧૯૧૪ માં પ્રથમ વિશ્વયુદ્ધનો પ્રારંભ થયો. યુદ્ધ વિસ્તર્યુ. ચીન અને જાપાન પણ વિશ્વયુદ્ધમાં સંડોવાયા. યુદ્ધ પહેલા જાપાનનું સામ્રાજય કોરીયા, મંચુરીયામાં સ્થપાઇ ચૂક્યું હતું અને દેશની સમૃદ્ધી વધી રહી હતી અને સામ્રાજયવાદી લાલસાને વેગ મળ્યો. અને એ જ ગીધદ્રિષ્ટિ ચીન ઉપર ગઇ. જાપાને જર્મની વિરૂદ્ધ યુદ્ધની જાહેરાત કરી અને એનું લશ્કર ચીનમાં થઇને આગળ વધ્યું અને કેટલાંક પ્રદેશો કબજે લીધાં. મિત્રો દેશો સાથે કેટલીક ગુપ્ત મંત્રણાઓ કરી અને સમજુતી કરી. ૧૯૨૧-૨૨ માં પૂર્વ એશિયાની સમસ્યાઓનાં ઉકેલ માટે વોશિંગ્ટન પરિષદ બોલાવવામાં આવી અને મહાસત્તાઓ વચ્ચે કેટલીક સંધી થઇ.

પ્રથમ વિશ્વયુદ્ધ પછી જાપાનની ગણના બળવાન રાષ્ટ્રોમાં થવા લાગી. ૧૯૩૧ માં વિસ્તારવાદી નીતિ અપનાવીને મંચુરીયાનો ઘણો પ્રદેશ કબજે લીધો. ૧૯૩૭ માં જાપાને ચીન સામે યુદ્ધ જાહેર કર્યું. એક પછી એક ચીનનાં પ્રદેશો કબજે લીધાં. એની વિસ્તારવાદી પ્રવૃત્તિનાં માર્ગમાં રશિયા, ઇંગ્લેન્ડ અને અમેરિકા અવરોધરૂપ હતાં. બીજા વિશ્વ યુદ્ધનાં પ્રારંભમાં જાપાન યુદ્ધથી અલિપ્ત રહયું. પાછળથી જર્મન પક્ષે યુદ્ધમાં ઝંપલાવ્યું.

અમેરિકાએ જાપાન, ચીન અને હિંદીચીન છોડી જાય એવો આગ્રહ રાખ્યો જે જાપાને માન્ય રાખ્યો નહિં. અને અમેરિકાનાં પેસેફિક મહાસાગરમાં આવેલા હવાઇ ટાપુઓમાનાં પર્લહાર્બરનાં નૌકામથક મથક ઉપર હુમલો કર્યો. અમેરિકાનાં કેટલાયે અફિસરો માર્યા ગયા તથા ઘાયલ થયાં. વહાણો ડુબ્યા અને વિમાનો નષ્ટ થયાં અને અમેરિકાનું નૌકાદળને કમજોર બનાવ્યું પરિણામે અમેરિકાએ યુદ્ધમાં ઝંપલાવ્યું.

ડિસેમ્બર ૧૯૪૧ માં ઇંગ્લેન્ડનાં પણ યુધ્ધ જહાજો ડુબાડયા અને જાપાન અગ્નિએશિયામાં વાયુવેગે આગળ વધવા લાગ્યું. હોંગકોંગ, સારાવાહ તેમજ મનીલાનો કબજો લીધો. ઇંગ્લેન્ડનું નૌકામથક સિંગાપુરનું પતન થયું. ૧૯૪૨ માં રંગુનનો કબજો લીધો. દુનિયા આશ્ચર્યચકિત થઇ ગઇ. ૧૯૪૩ - ૪૪ માં મણીપુરનાં ઇમ્ફાલનાં રસ્તે હિંદ પર આક્રમણ કર્યું. અને નેતાજી સુભાષચંદ્ર બોઝ ની અઝાદ હિંદ ફોજે સૌ પ્રથમ યુધ્ધમાં ભાગ લીધો.

૧૯૪૫ માં ઇંગ્લેન્ડનાં લોર્ડ માઉન્ટ બેટને અગ્નિએશિયાનાં વડા સેનાપતિ અને સ્ટીનવેલને નાયબ સેનાપતિ તરીકે નિમવામાં આવ્યા અને જાપાનનાં લશ્કર પર પ્રહારો કર્યા અને જાપાનની પીછેહટ શરૂ થઇ. જર્મની હારવા પછી જાપાનને શરણાગતિ સ્વીકારવા કહેવામાં આવ્યું, પણ જાપાને અવગણના કરી અને અમેરિકાએ ૬ ઓગષ્ટ ૧૯૪૫ નાં રોજ હિરોશીમા અને ૯ ઓગષ્ટના રોજ નાગાસાકી ઉપર નવા શોધાયેલા અણુબોંબ ફેંકયા. હવે જાપાન માટે બીજો માર્ગ ન હતો. જાપાનનાં સમ્રાટે યુધ્ધ પરિષદની બેઠક બોલાવી. ભારી હૃદયે જણાવ્યું કે મારી દ્રષ્ટિએ યુધ્ધને આગળ ચલાવવું અસંભવ છે. આપણે થોડું ઘણું બચાવીને આપણા રાષ્ટ્રનું ભવિષ્ય સારું બનાવી શકીશું. જાપાનમાં હાહાકાર મચી ગયો. જાપાન પાસે વીસ લાખ જેટલાં સૈનિકો હતાં, પણ આત્મસમર્પણ અનિવાર્ય બન્યું હતું. શરણાગતિ સ્વીકારી અને પોસ્ટ ડામ ઘોષણા અનુસાર જાપાન ચાર મુખ્ય ટાપુઓ અને આજુ બાજુનાં નાના ટાપુઓ પુરતું જ મર્યાદિત બની ગયું.

વિશ્વયુધ્ધ પછીનાં પુન:નિર્માણ કાર્યક્રમમાં અમેરિકાની આવી. કોરીયા તથા વિયેટનામના યુધ્ધે જાપાનનાં અર્થતંત્રને પ્રોત્સાહિત કર્યું અને વિકાસની તક મળી. જાપાને આક્રમક આર્થિક નિતી અપનાવી.

જાપાને પરાજય સ્વીકાર્યો. સમ્રાટે સંકટોનો સામનો કરવા આહવાન આપ્યું. રાષ્ટ્રનું નવેસરથી નિર્માણ કાર્યમાં લોકો સહભાગી થયા. પરિણામે જે ઝડપથી પતન થયું હતું તે જ ઝડપે વિકાસ થયો. ૧૯૫૬ માં યુનોનું સભ્ય બન્યું. આર્થિક ક્ષેત્રે અભુતપૂર્વ વિકાસ કરીને એશિયાના દેશોમાં મહત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિશ્વનું સમૃધ્ધ રાષ્ટ્ર છે અને દુનિયાનો ધનાઢય દેશ છે.

ટેકનોલોજી ક્ષેત્રે મહત્વનું સ્થાન છે. આજે ટોયોટા લગભગ ૧૦ મીલીયન જેટલાં વાહનોનો નિકાસ કરે છે. સોની, નેશનલ, પનેસોનિક, સુઝુકી, મીતસુબીશી, **NOMURA**, મઝદા, નિસાન, સુબારૂ, **ISUZU, KAWASAKI, YAMAHA, DAIHATSU, MITSUOKA, HITACHI** વિગેરે મોટી મોટી કંપનીઓ તેમજ કપડામાં **UNIQLO** કંપની મોખરે તેમજ સ્ટીલ પ્રોડકટસ, **DIY TOOLS**, રોબોટીક સીસ્ટમ તેમજ બાંધકામનાં સાધનો વિગેરેમાં આગળ છે.

આજે જાપાનની મુદ્રા યેન આંતરરાષ્ટ્રીય બજારમાં નીચા ભાવે છે જેથી જાપાનની વસ્તુઓ સસ્તી છે. જાપાનનાં મોટા સ્ટોરોમાં અમુક માણસોને ફક્ત ગ્રાહકોનો આભાર માનવા રાખવામાં આવે છે. જેઓ મોટા અવાજે બોલ્યા કરે છે. આર યુ ગેરો ગુઝઇમાં અર્થ તમારો આભાર.

જાપાનનાં બીજા શહેરોમાં જઇ શકયા નહિં, પરંતુ જરૂરી જે કંઇ જોયું એનાથી ઘણો જ અનુભવ, આનંદ પ્રાપ્ત થયો.

**નોંધ:- ઉપરોક્ત લેખમાં લખેલી બાબતો માટે સ્થાનિક લોકો પાસેની માહિતી તથા LONELY PLANET, JAPAN તથા આધુનિક સામ્રાજય વાદનો ઇતિહાસ તથા ચીન અને જાપાનનો ઇતિહાસની મદદ લેવામાં આવી છે.** ■

## તુર્કી નૌકાધિપતિ અને કુશળ વહાણવટી સીદી અલી રઇસ અને તેણે વર્ણવેલું ગુજરાત

- અમ્માર અબ્દુલ હમીદ લિંબાડા - દાહોદ

### Portuguese India Armadas

લિસ્બન બંદર પર સમુદ્રી વહાણમાં નોકરી આપવા માટે એક સંસ્થાની સ્થાપના થઇ જેનું નામ Portuguese India Armadas હતુ. આરમાદાસ શબ્દ આરમદાનુ બહુ વચન છે જેનો અર્થ વહાણોનો કાફલો એમ થાય છે. (Cambridge English Dictionary) તે સમયે લાંબા પ્રવાસો માટે વહાણોના કાફલા ચાલતા અને પ્રવાસ મોસમને સામે રાખી થતો.

### પોર્ટુગીઝો ગુજરાતમાં

પોર્ટુગીઝોનો ગુજરાતમાં પગ પેસારો કાયદેસર રીતે ઇ.સ.૧૫૦૯ માં થયો હતો એમ કહી શકાય. ૧૫૦૯ માં જ તેઓને દીવમાં સૌ પ્રથમ કોઠી સ્થાપવાની રજા મળી હતી. (K. S. Mathew Portuguese and The Saltanat of Gujarat pp 12-13) અને ત્યાર પછી તો તેઓ હિંદના સાગરકાંઠાના વેપારમાં રસ ધરાવતા દુનિયાના બધા જ દેશો અને ત્યાંના વ્યપારીઓ માટે મોટી સમસ્યા બન્યા.

૧૫ મી અને ૧૬ મી સદી દરમિયાન તેઓ ખુબ નુકસાન કર્તા રહયા છે, બે સદીનો તેમનો ઇતિહાસ ઘણો ઘણો લોહિયાર છે.

આ સદી દરમિયાન મીઠાશ કમ અને કડવાશ વધુ રહી. ખૌફ-દહેશતનો એહસાસ દરેક જગ્યાએ પોર્ટુગીઝોએ ઉભો કર્યો હતો. (K. M. Panikar A Survey of Indian History p 199) વાદળી સમુદ્રો ઉપર શાંતિની હોડીઓ ચાલતી ન હતી. રસ્તાઓ સલામત ન હતા. ટંકશાળોમાં જેટલા સિક્કાઓ ઢાળવામાં આવતા એથી વધુ લોખંડના હથિયારો તૈયાર થતાં.

### ઉસ્માની સલ્તનત (તુર્કી)

તે સમયે ઘણા દેશો તુર્કીની ઉસ્માની સલ્તનત હેઠળ હતા. ઉસ્માનીઓનો પ્રભાવ કોઇ મોસમના પ્રભાવથી ઓછો ન હતો અને તેનો એક સુલ્તાન સુલયમાન (પહેલો) હતો. યુરોપમાં તે Suleman the Magnificent ના નામથી પ્રખ્યાત હતો તે ઇ.સ. ૧૫૨૦ થી ૧૫૬૬ સુધી સુલતાન રહયો.

સુલ્તાન સુલયમાનના સમયમાં ઉસ્માની સલ્તનતની સરહદો દક્ષણિ પૂર્વમાં યુરોપ, ઉત્તરી આફ્રીકાના દેશો સુધી, પશ્ચિમે જીબ્રાલ્ટરની સમુદ્રધુની (Strait of Gibraltar), પૂર્વમાં કેસ્પિયન સી અને પર્શિયન ગલ્ફ સુધી, ઉત્તરે ઓસ્ટ્રીયાની સરહદ, સ્લોવાકય અને યુક્રેન સુધી અને દક્ષિણે સુદાન, સોમાલિયા સુધી ફેલાયેલી હતી.

### ઉસ્માની નૌસેના

ઉસ્માની નૌસેનાએ ઇ.સ. ૧૩૦૮ માં પહેલી જીત મરમરા સમુદ્રમાં હાસિલ કરી અને પછી યુરોપમાં જીતના ઝંડા લહેરાવતા ગયા એજ રીતે ઉત્તરી આફ્રીકામાં પણ જીતના વાવટા ફરકાવ્યા.

ઇ.સ. ૧૫૧૭ માં અલ જઝાઇર અને ઇજિપ્તને ઉસ્માની સલ્તનતમાં દાખલ કર્યા. અને ૧૫૩૮ થી ૧૫૬૬ ના સમયગાળામાં હિંદ મહાસાગરમાં ગોવા પાસે પોર્ટુગીઝ નૌસેનાનો સામનો કર્યો. (ડો. મો. ઉઝૈર સલ્તનત ઉસ્માનિયહ ભાગ ૧ પૃ ૧૮૪)

### તુર્કી નૌકા કાફલો ગુજરાતની મદદે

ઉસ્માનીઓએ ઇજિપ્ત પર વિજય મેળવ્યો એ સમયે પોર્ટુગીઝોએ ભારત પહોંચવા માટે રસ્તો શોધી કાઢયો હતો. તેમને ઇબ્ને માજીદ અગર કચ્છનો કાન્જી માલમ ભારત ભ્રમણના માર્ગદર્શન માટે મળી આવ્યા હતાં. તેઓએ ભારત પહોંચતાજ ઉપર જણાવ્યા પ્રમાણે ત્યાંના સાગર કાંઠા ઉપર ખૂબ આતંક ફેલાવ્યો અને ખાસ મુસ્લિમો પર ક્રુરતાની બધી હદો વટાવી હતી માટે ગુજરાતના બાદશાહ બહાદુરશાહે (૧૫૨૬ - ૧૫૩૭ ઉસ્માની ખલીફા સુલયમાન કાનુની પાસે મદદ માંગી અને સુલયમાને ૪ વખત મદદ મોકલી. પહેલી મદદ ૧૫૦૮ માં કેરોના નૌકાકાફલાના સેનાપતિ સુલયમાન પાશાના નેતૃત્વ હેઠળ અને બીજી નૌકા સેનાપતિ બેરી રઇસના નેતૃત્વ હેઠળ ત્રીજી મુરાદ રઇસ અને ચોથી સીદી અલી રઇસના નેતૃત્વ હેઠળ મોકલી હતી. (મજલ્લતુલ જામીઅતીલ ઇસ્લામિય્યહ મદીનહ મુનવ્વરહ અંક ૫૫-૫૬)

### સીદી અલી રઇસ

સીદી અલીનો જન્મ ઇ.સ.૧૪૯૮ માં ઇસ્તાન્બુલમાં થયો. તેનો પિતા સીદી હુસૈન નૌકાદળનો એન્જિનિયર હતો. પિતાનો પ્રભાવ સીદી અલીના જીવન પર રહયો કારણોસર તે મોટો સમુદ્રશાસ્ત્રી થયો અને સાથોસાથ કવિ, ગાણિતિક, ભૂગોળવેત્તા પણ હતો. સીદી અલી નૌકાસેનામાં ભરતી

થયો અને થોડા જ સમયમાં નૌસેનાનો અફસર થયો અને રઇસના હોદ્દે તરક્કી કરી ગયો (રઇસ ઉસ્માની સલ્તનત કાળ દરમિયાન વપરાતો શબ્દ છે જે એડમિરલ અને કેપ્ટન બંને માટે વપરાતો). સીદી ઉસ્માની સલ્તનતની દરેક સમુદ્રી મુહીમમાં (ઝુંબેશ) હાજર રહયો હતો.

### પ્રવેઝા યુદ્ધ (Battle of Preveza)

૧૫૩૮ માં તે ખૈરૂદ્દીન બારબોસાના નેતૃત્વ હેઠળ પ્રવેઝાના જગમશહુર યુદ્ધમાં પણ તે હાજર રહયો હતો જે યુદ્ધ વેનિસ, જિનીવા અને સ્પેન તરફથી છેડાયું હતું તેમના વિરુદ્ધ ઉસ્માની તુર્ક હતા. સીદી અલીએ આ યુદ્ધમાં હાજર રહી તુર્કોની ફતેહ માટે ભાગ ભજવ્યો હતો.

### હિંદ મહાસાગરમાં નૌકા કાફલાનો કમાન્ડર

ઇ.સ.૧૫૫૨ માં સુલતાન સુલૈમાને સીદી અલીને હિંદ મહાસાગરમાં નૌકા કાફલાનો કમાન્ડર નિમ્યો અને તે ૭ મહીના પછી ઇ.સ. ૧૫૫૩ માં હલબથી રવાના થઇ ફેબ્રુઆરી ૧૫૫૪ માં ઇરાની અખાતના શહેર બસરા પહોંચ્યો. ત્યાંથી હોરમુઝની ખાડી પાસેના બંદરોએ ગયો જયાં પોર્ટુગીઝોનું કોઇ નામોનિશાન તેને ના મળ્યું.

### પોર્ટુગીઝ સાથે સંઘર્ષ

બસરાથી નિકળવાના ૪૦ માં દિવસે અને રમઝાન માસના દસમાં દિવસે તેનો સામનો ગોવાથી આવી રહેલા બાવન (૫૨) પોર્ટુગલના જહાજો સાથે થયો અને બંને પક્ષોએ નુકસાન ભોગવ્યું. આ સંઘર્ષના ૧૭ માં દિવસે મસ્કત પહોંચતા ત્યાં પણ પોર્ટુગીઝો સાથે સંઘર્ષ થયો, ત્યાં પોર્ટુગીઝોની હુકુમત હતી. સંઘર્ષ દરમિયાન તોફાની હવાએ બંને પક્ષોને પૂર્વ તરફ ધકેલી દીધા. પોર્ટુગીઝોનું નુકસાન વધુ હતુ પરંતુ કિનારા પર પોર્ટુગીઝોની હુકુમત હતી માટે સીદી કિનારે જઇ શકતો ન હતો, તે ઓમાન પહોંચ્યો પણ ત્યાંના લોકોએ તેને જહાજ નાંગરવા ન દીધા કારણોસર તે ઇરાન થઇ બલુચિસ્તાનના ગવાદર કાંઠે પહોંચ્યા જયાં તેનું સ્વાગત થયું અને ત્યાંના લોકોએ દરેક રીતે મદદનું આશ્વાસન આપ્યું.

### સમુદ્રી તોફાન

હવામાન અનુકુળ થતાં તે ગવાદર બંદર છોડી યમન તરફ રવાના થયો. કેટલાય દિવસો તે સમુદ્રમાં રહયો. આ દરમિયાન એક દિવસ પશ્ચિમ દિશાએથી એક ભયાનક તોફાનનો આરંભ થયો, જેને સિંધ અને હિંદના લોકો હાથીઓનું તોફાન કહેતા. આ તોફાન ઘણુ ભયાનક હતું. રાત દિવસનો ફરક ખત્મ થયો હતો. તોફાન ૧૦ દિવસ સુધી ખુવારી અને બરબાદી વરસાવતુ ગયુ. એક દિવસ એક મોટી વ્હેલ દ્રશ્યમાન થઇ જે ખારવા અને નાખુદાઓ માટે શુભ શુકન માનવામાં આવતું, પરંતુ અચાનક પાણી સફેદ થતાં ખારવાઓ કહેવા લાગ્યા આપણે વમળમાં ફસાયા છે અને આ વમળ એબેસિનિયા અને ડેબલની ખાદીમાં આવતી વમળો જેવી છે, જેનાથી બચવુ અશક્ય છે. કોઇ ભાગ્યવાન જ બચી શકે !

### સીદી અલી ગુજરાતમાં

અને સીદી અલી ખરેખર ભાગ્યવાન હતો. તેનું વહાણ ગુજરાતના કાંઠે લાગ્યું અને તે કચ્છ પોરબંદર માંગરોળ સોમનાથ અને દીવ થઇ દમણ પહોંચ્યો, ત્યાંનો ગવર્નર મલિક ઇઝદ હતો. તેણે સુરત પહોંચી જવા સલાહ આપી તેથી અલી દમણથી સમુદ્ર માર્ગે જ સુરત પહોંચ્યો. અલીના કેટલાક સાથીઓ જમીનરસ્તે સુરત પહોંચ્યા.

### સીદી અલી સુરતમાં

બસરાથી નિકળવાના ત્રણ માસ પછી તે સુરત આવી શકયો. સીદી અહીંના મોન્સુનની વાત કરી લખે છે અહિંનું હવામાન કોઇ અઝાબ જેવું છે જેમાં દિવસો સુધી સુરજ અને તારાઓ દેખાતા નથી. મતલબ તમે હોકાયંત્રનો ઉપયોગ પણ નથી કરી શકતા, બસ બેકાર બેસી રહો. સીદીના સુરત આગમનથી સુરતવાસીઓમાં આનંદની લાગણી ફેલાઇ. તેઓને વિશ્વાસ બેઠો કે સીદી અને ઉસ્માની વહાણોના આવવાથી પોર્ટુગીઝોના અત્યાચારથી છુટકારો મળશે.

### સુરતમાં રાજકીય ઉથલપાથલ અને સીદીની મદદ

સીદી સુરત પહોંચ્યો ત્યારે સુરતનો ગવર્નર રજબ રૂમીખાન હતો અને ગુજરાતનો સુલ્તાન અહમદ શાહ ૩ હતો. નંદરબારના ગર્વનર દરિયાખાન હબ્શી ઉર્ફે નાસિર-ઉલ-મુલ્ક હતો. તેણે ગુજરાતના સુલતાન સામે બળવો કર્યો હતો અને ગુજરાતની ગાદી માટે દાવો કરીને ભરૂચ ઉપર સત્તા સ્થાપી હતી. સત્તા પ્રાપ્તિ માટે તેણે પોર્ટુગીઝો પાસે મદદ પણ માંગી હતી. તેમની સાથે એવો કરાર કર્યો હતો કે જો તે સુલતાન બનશે તો ગુજરાતના દમણ, સુરત, ભરૂચ, ખંભાત, સોમનાથ, માંગરોળ, પુરમિયાણી વગેરે બંદરો તેમને સોંપી દેશે. (ક્રમશ)

## એક તણખલાની વાત

હનીફ નાડત. કોંટ

યાકુબભાઇ શહેરની હોસ્પિટલમાં આંઠ દિવસ રહીને આજે જ સવારે એમનો પુત્ર ફરીદ એમને ઘેર લઇ આવ્યો હતો. ગામવાસીઓને જેમ-જેમ ખબર પડી એમ એમ યાકુબભાઇની ખબર કાઢવા એકર-બેકર આવતા રહયા... હા... યાકુબભાઇને આ ત્રીજી વખત હાર્ટનો હુમલો આવ્યો હતો. રાત્રે જરા જમીને પગ છુટા કરવા પોતાના બંગલા બહાર ચાલી રહયા હતા ત્યારે અચાનક છાતીમાં એમને તીણો-તીણો દુ:ખાવો શરૂ થયો જે મધરાતે સખત દુખાવામાં બદલાયો. ફરીદ અને એના બે એક મિત્રો તરત નજીકના શહેરની યાકુબભાઇની ફેવરીટ હોસ્પિટલમાં લઇ ગયેલા. તાત્કાલીક સારવાર મળી એટલે યાકુબભાઇને રાહત તો થઇ પણ આંઠ દિવસ એમને હોસ્પિટલમાં એડમીટ થવુ પડેલુ. રજા મળતા ફરીદને ડોકટરે કહેલું કોઇ પણ હિસાબે ચાચાને બાયપાસ સર્જરી કરાવવી જ પડશે... હવે મારા હાથની વાત નથી... તો યાકુબભાઇ કહેતા મરવાનું તો એક જ વાર છે... હવે જતી જિંદગીએ મારે મારા છાતીનાં હાડકા નથી ખોખરા કરાવવા. ડોકટરે કહયું પણ યાકુબભાઇ માનવા તૈયાર નહીં. સામા ડોકટરને કહે ડોકટર સાબ વર્ષો થયા તમારી દવા ખાતા-ખાતા... બસ... તમારાથી બને એટલી ટ્રીટમેન્ટ કરો બાકી ઉપરવાળા પર છોડી દો... હું કોઇ કાળે મોટા શહેરના મોટા ડોકટર પાસે કયારેય જવાનો નથી. ડોકટર અને ફરીદ શું બોલે... મુંગા મોઢે પોતાના બાપને ઘેર લઇને આવતો રહયો. ત્રીજો હુમલો હાર્ટ એટેકનો આવ્યો ને યાકુબભાઇ બચી ગયા અને ઘેર પણ આવી ગયા એ સુખદ સમાચાર નાના એવા ગામમાં ફુલડાની ફોરમ પેઠે પહોંચી ગયા.

આમ તો યાકુબભાઇનો નાનો એવો પરિવાર હતો. પત્નિ રૂકશાના અને ફરજંદો ઇમરાન-ફરીદ ખાધે પીધે એઓ સંપન્ન હતા. મોટો દિકરો ઇમરાન એની પત્નિ સુમૈયા જોડે અમેરિકામાં સેટલ થયો હતો. જ્યારે નાનો દિકરો ફરીદ અને એની પત્નિ ઝેનબ બન્ને સરકારી સ્કુલમાં શિક્ષક હતા. બન્ને ભાઇઓના ઘેર એક-એક દિકરી પણ હતી. યાકુબભાઇ પાસે ખેતરો પણ ઝાંઝા હતા. શેરડી-કેળ-કપાસ જેવી ખેતી કરતા... માટે બાયપાસ સર્જરી કરાવવા માટે એમને પૈસા શોધવા જવાની જરૂર ન હતી. બલ્કે છાશવારે ગામના ગરીબ બિમાર માણસોને યાકુબભાઇ કાયમ પૈસે-ટકે સહાય પણ કરતા હતા. પણ સ્વભાવે એવા કડક કે એમના કોઇ પણ ફેસલા પછી સામે વાળો કોઇ પણ કોમેંટ કરવાની હિંમત ન જ કરતો. અંતે ડોકટર પણ ફરીદને કહે ચાલો ત્યારે ચાચા જેમ કહે એમ ચલાવો... બાકી ત્રીજા હુમલા પછી ચાચાનું હૃદય વધારે ડેમેજ થયું છે... જેવી ઉપરવાળાની મરજી... ડોકટરે આટલું કહયું ને યાકુબભાઇ આવી ગયા ઘેર.

અમેરિકાથી ઇમરાને પણ ફોન કરી પોતાના પાપાને ઘણાં સમજાવ્યા કે પપ્પા... બાયપાસ કરાવી લો પણ પપ્પાની વાત એક રહી બસ મારે કોઇ ઓપરેશન નથી કરાવવું ને ઇમરાને પણ પોતાના પપ્પાને આગળ કશુ કહયું નહીં. પત્નિ રૂકશાના પણ ઘણું સમજાવી ચૂકી પણ યાકુબભાઇ એકના બે ન થયા. સામા પત્નિને પણ કહે સાંભળ રૂકશાના ઉપરથી મારી દોરી તુટી હશેને તો મુંબઇવાળો કે અમેરિકાવાળો ડોકટર મને કંઇ કરી નથી શકવાનો... બસ... ખુદાપાકના ભરોસે મારૂ બચેલુ જીવન મને મોજથી જીવવા દે... જેવી તમારી મરજી... ભાઇ સાબ તમે કયારે કોઇનું સાંભરેલુ કે આજે સાંભળવાના? જીવો જીવાય એટલું આટલું કહી રૂકશાના પણ વાત ઉપર પૂર્ણ વિરામ મુકી પોતાના ઘર કામમાં પરોવાઇ જતી.

ઘરમાં તો ઓપરેશનની વાતે પૂર્ણવિરામ મુકાઇ ગયું. પણ ગામમાં યાકુબભાઇના ઓપરેશન ઉપર ગામ લોકો પોતાનો ચુકાદો સંભળાવવા લાગ્યા. ગામના વયોવૃધ્ધ મુસામામા હિંચકે બેઠાબેઠા પોતાના સંગાતીયાઓને કહે યાકુબને કયાં ખજાને ખોટ છે પણ બી ગયો છે એટલે ઓપરેશન કરાવવાનું ના

પાડે છે. તો વળી ગામગપાટા હાંકનારા ગામના ઓટલે બેસી યાકુબભાઇ અને એનું ઓપરેશન એ વિષય ઉપર દરરોજ લાંબી-લાંબી ચર્ચાઓ કરતા રહયા.તો વળી ગામ લોકો યાકુબભાઇને ખબર પુછવા આવે ત્યારે વણમાગી સલાહો પણ આપતા જાય પણ યાકુબભાઇ આવનારને બસ એક જ વાત કહેતા કે ભાઇ ઉપરથી દોરી ટુટી હશે તો બાયપાસ પણ મને મરતા અટકાવી ન શકે! તો વળી ગામની આદિવાસી વૃધ્ધ ડોશી ગોમલી દાદી પણ ખબર કાઢવા આવી તો જતા જતા કહે દિકરા યાકુબ રેવા દે છાતીના હાડકા તોડાવવાનું મારો હજાર હાથ વાળો ઉપર બેઠો છે એ તારી રખ્હા (રક્ષા) કરહે. તો યાકુબભાઇના એક લંગોટીયા મિત્રની વિધવા હેમલતા ભાભી પણ ખબર કાઢવા આવ્યા... ને પલંગ ઉપર સુતેલા યાકુબભાઇને જોઇને એની આંખે આંસુઓ બાઝયા કહે યાકુબભાઇ તમારા બો ઉપકાર છે અમારી ઉપર બાકી તમારા મિત્ર તો બે નાના પોયરા મુકીને કયારના વયા ગયા... ભાઇ તમારા ઉપકાર ગણ્યા ગણાય એમ નથી... તમે તો ભાઇ અમારે મન કોઇ ફરિશ્તા કરતા ઓછા નથી આટલું બોલતા ચોધાર આંસુએ રડી પડી. હેમલતા ભાભી છાના રહો રડો નહીં... અને ઉપકારની વાત ન કરો... મારાથી બનતી મદદ મેં તમને મિત્રભાવે કરી... એમાં ઉપકાર શાનો. આવા આવા સંવાદો કાયમ થવા લાગ્યા. ગામ લોકોમાં યાકુબભાઇ લોકપ્રિય હતા. લોકોના સુખે-દુખે એમની સંગતે ઉભા રહેનારા એટલે સ્વભાવિક છે... યાકુબભાઇ પ્રત્યે ગામ લોકોને ભીની લાગણી હોય...

પણ યાકુબભાઇની ઉદારદિલી રૂકશાના ભાભીને લગીરેય પસંદ નહીં... કયારેક નાની વહુને કહેતી પણ ખરી મુવાં આખી જીંદગી તારા પપ્પા (સસરા) ને આ આવનારા મામો બનાવતા રહયા... પણ તારા સસરા સામે મને કહે હું જયારે એમને ટોકું ત્યારે અરે ગાંડી... છોને મને મામો બનાવતા... આપણે કયારે દુ:ખ જોયું નથી...ભુખમરો વેઠયો નથી એટલે તને લાગે આવનારા બધા મને મામો બનાવે... તો રૂકશાના કડવાશથી બોલતી... આ તમારા ભાઇબંધની હેમલતાડી... એ તમને ખંખેરી-પંખેરીને પોતાના પોયરા મોટા કરી નાંખ્યા... તમે ભાભી-ભાભી કરીને આગળ-પાછળ લાળ ટપકાવતા હતા... રૂકશાના... જરા...શરમ કર શરમ... આ ઉંમરે તુ મારા ઉપર કલંક લગાડે. તુ શરમાતી નથી... આમને આમ આ ચાલીસ વર્ષો જેવો લાંબો વખત મારી જોડે તેં કાઢી નાંખ્યો... અને આવા અંતિમ સમયે તને હેમલતા ભાભી ખટકી? તે ખટકે જ ને! તમને પટાવી-પટાવીને ઉધઇની જેમ ચાટટા રહયા. ને આખુ આયખુ આમ મેં બેઠી-બેઠી જોયા જ કર્યુ ને! મારા બન્ને પોયરા સમજુ છે તે તમને કશું કહેતા નથી... બાકી મનમાં તો એમ સમજતા જ હશે કે મારી માં કેટલી દુ:ખી, મારા પપ્પાએ આજ સુધી મારી મા પર જોહુકમી ચલાવી ચલાવી વૃધ્ધ જેવી બનાવી દીધી... ઓ રૂકશાના... આવા આવા વિચાર છોડ મારા પોયરા આવુ કંઇ જ વિચારતા નથી... હું એમનો બાપ છું મને મારા પોયરા મારા વિશે શું વિચારે એટલી તો ખબર પડે કે ની?

ચાલો આપણો ઇમરાન-ફરીદ કંઇની વિચારતા હોય પણ એમની વહુઓ તો તમારા મોબાઇલ પર મુકેલા સ્ટેટસ જોઇને મનમાં વિચારતી તો હશે જ ને કે અમારા સસરા હજુ પણ ચરતા ઘોડા વારે એવા છે.

ત્રીજી વખત એટેકના હુમલાથી બચીને ઘેર આવેલા યાકુબભાઇના ઘરમાં આવુ ઉગ્ર વાતાવરણ રૂકશાનાએ ઉભુ કર્યું હતું. યાકુબભાઇને મનમાં અસુખ જેવું લાગવા માંડયું. મનમાં વિચારતા યે ખરા... વાહ રૂકશાના આટલા વર્ષો આપણે સાથે જીવ્યા... તને મારા ઉપર વિશ્વાસ જ ન હતો. આટલા વર્ષો તુ આમ મારી જોડે અવળા માર્ગે જ દોડતી રહી અને તુ તારા મનમાં મને હલકો તણખલા જેવો જ સમજતી રહી! વાહ રે વાહ.

આવા આવા વિચાર કરીને થાકતા ત્યારે ઉંઘી જતા. અને ઉંઘમાં પરણીને રૂકશાનાને ઘેર લાવ્યા ત્યારથી આજ સુધીના વિવિધ પ્રસંગી ટીવી સીરયલની જેમ કયારેક કયારેક યાકુબભાઇને સમણામાં ઝળકી

જતા. આમ સમય પતંગિયાની પાંખે વહેતો રહયો. યાકુબભાઇને પણ તબિયતમાં સુધારો થવા લાગ્યો. આમને આમ બે એક મહિના વિતી ગયા.

એક રાત્રે યાકુબભાઇને નિંદર ન આવી આમ તેમ પડખુ ફેરવતા રહયા. પાસે રૂકશાના ભરઉંઘમાં સુતી હતી... લાવને રૂકશાનાને જગાડીને એની ખરા દિલથી માફી જ માંગી લઉ! પણ ઉંઘતી પત્નિને જગાડવાનું એમને મુનાસીબ ન લાગ્યું એટલે ફરી પાસા ફેરવતા રહયા... બની શકે રૂકશાના સાચી પણ હોય! અને જીવનમાં મેં વધારે પડતી એને દુ:ખી કરી પણ હોય... કંઇ વાંધો નહીં હમણાં એને નથી જગાડતો કાલે સવારે વાત... એના દિલમાં શું ચાલે એ તો હું નથી જાણતો પણ એકવાર એને બેસાડીને કહીશ જ કે રૂકશાના આપણે સાથે આટલા વર્ષો જીવ્યા... બની શકે તને મારૂ કોઇ પગલુ ગલત લાગ્યું હોય પણ સાંભળ વ્હાલી... આ ઢળતી સંધ્યાએ હું મારા ખરા હૃદયથી તારી પાસે માફી માંગુ છું માફ કરી દે મને... આવુ આવુ વિચારતા વિચારતા મળસ્કે જરા યાકુબભાઇની આંખ લાગી અને પ્રભાત થઇ.

સવારે દશેક વાગ્યે ફરીદ અને ઝેનબ સ્કુલે જતા રહયા. એમની નાની બેબી દાદી પાસે રમી રહી હતી કે જેવા યાકુબભાઇ પોતાના હૃદયની વાત કહેવા સીટીંગ રૂમમાં આવે કે રૂકશાનાની એક બહેનપણી રેહાના ટપકી પડી. એ ઠેઠ રૂકશાનાના પિયરથી યાકુબભાઇની ખબર કાઢવા આવી હતી... એટલે યાકુબભાઇ ફરી બેડરૂમમાં બેડ ઉપર લાંબા થયા... આ પેલી વાત પછી રેહાના યાકુબભાઇને મળવા રૂકશાના સુતેલા સમજી ફરી સીટીંગ રૂમમાં બન્ને વાતોએ વળગી.

તો યાકુબભાઇએ આંખ ઉઘાડી લાવ રેહાનાને હું જ મળી આવું એવું વિચારી જેવા બારણું ઉઘાડી સીટીંગ રૂમમાં જવા પગ ઉપાડે કે રૂકશાનાને બોલતા સાંભળી અટકી ગયા. રૂકશાના એની ખાસ બહેનપણીને રડતા સ્વરે જણાવી રહી હતી... અલી રેહાના... આવા જઠ જેવા તારા બનેવી જોડે મેં જ ઘર માંડયું. બીજી કોઇ એની જોડે રહેતે નહીં... મુવાની આયવી તે દિવસથી ચાકરી કરી કરીને મરી ગઇ અને કોઇ દિવસ મને આ ડોહાએ સુખની આલ્યું. કાયમ ખડે પગે મુવાની સેવા કરી... ડોહો મરે એટલી વાર હું તો મારા ઇમરાન પાસે અમેરિકા ઉપડી જવા... ઇદ્દત બી ત્યાં ઇમરાનને ત્યાં પુરી કરા પર બસ...આ તારો બનેવી મરે એટલી વાર... ત્રણ-ત્રણ વાર હાર્ટ એટેકના હુમલા આવ્યા પણ દર વખતે બચીને ઘેર આવ્યો... હવે ચોથા એટેકની વાર જોતી છું. ચોથા એટેકે તો ઉકલી જ જશે સમજ રેહાના...

યાકુબભાઇ અર્ધ ખુલ્લા બારણે બેડ રૂમમાંથી બન્નેની આવી આવી વાતો સાંભળી રહયા હતા. પેલી બન્ને એમની વાતોમાં ગુલતાન હતી અને ઉભેલા યાકુબભાઇને છાતીમાં ભયંકર દુ:ખાવો ઉપડયો... ગમે એમ કરીને એ બેડ ઉપર સુતા... આખે આખુ શરીર પરસેવે રેબઝેબ થઇ ગયું અને સેકંડમાં યાકુબભાઇના પ્રાણ પંખેરૂ ઉડી ગયા અનંતની યાત્રાએ...

ચાલ મુવો ઉઠયો હશે... એમ કહી રૂકશાનાને રેહાના બેડરૂમમાં પ્રવેશી જોયુ તો યાકુબભાઇનું આખુ શરીર ઠંડુ પડી ગયું હતું... બે ત્રણ બુમ પાડી પણ યાકુબભાઇનો કોઇ ઉત્તર ન મળ્યો... એટલે ફરીદને મોબાઇલ જોડયો. ઘડીવારમાં ગામ આખુ ભેગુ થઇ ગયું. યાકુબભાઇ પોતાની જીવન સંગીનીની વાતો સાંભળી એક ગંભીર આઘાત લાગવાથી આ દુનિયા છોડી ચૂકયા હતા.

રૂકશાના પોક મુકી રડી રહી હતી... અરે તમે આવા હતા... અરે તમે તેવા હતા... આમ ગામ લોકો ખાસ કરીને સ્ત્રીવૃંદને સંભળાવવા જોરથી રડી રહી હતી... સ્ત્રીઓ એને છાની રાખવા પ્રયત્નો કરી રહી હતી.

યાકુબભાઇ પોતાની જીવનસંગીનીનો આવો... દંભ ભર્યો કલ્પાંત સાંભળવા હયાત ન હતા. ■

## લઘુતાગ્રંથિ - ગુરૂતાગ્રંથિ: માનવ સ્વભાવ સાથે ચિંતા - ભયનું કનેકશન

મન ખૂબ ચંચળ છે. તે આખો દિવસ વિચાર્યા કરતું હોય છે ને સહેજે નવરું પડતું નથી. જાગૃતાવસ્થામાં તો અવિરત દોડયા જ કરે છે, રાત્રે સ્વપ્નમાં પણ તે જંપીને બેસતું નથી. જરા શાંત ચિત્તે માનવી વિચારે તો તેને ખ્યાલ આવશે કે તે અહીં જ બેઠો છે, છતાંય એનું મન તો કયાંયનું કયાંય પહોંચી ગયું હોય છે. આ મન શરીરમાં જ રહે છે. દસેય ઇન્દ્રિયો પર તે સંપૂર્ણ કાબૂ ધરાવે છે એટલે એ જે કંઇ કરે એની અસર શરીર પર વર્તાય છે. પરિણામે માનસિક થાક લાગે છે અને શારીરિક સ્તરે પણ એની અસર વર્તાય છે. મનુષ્ય સતત મનનું દબાણ અનુભવતો હોય છે.

માનવીનું મન જાતજાતના કોમ્પ્લેક્સ, અથવા કહો કે, ગ્રંથિઓ પાળીને બેઠેલું હોય છે. ગ્રંથિઓ આમ તો અનેક પ્રકારની છે, પણ આપણને સૌથી વધારે અસર કરતી ગ્રંથિ આ બે-લઘુતાગ્રંથિ (ઇન્ફીરીયર કોમ્પ્લેક્સ) અને ગુરુતાગ્રંથિ (સુપિરીયર કોમ્પ્લેક્સ) ઘણી વ્યકિતઓ પોતાને હીન હોય માનતી છે.

હું દેખાવડો નથી, હું તંદુરસ્ત નથી, હું પૈસાવાળો નથી, મારી ઉંચાઇ ઓછી છે, હું બહુ કાળો છું, મને ચશ્માં આવી ગયા છે, મારા વાળ ખરી ગયા છે, હજી તો હું જુનિયર જ છું, હું કયારેય આગળ આવી નહીં શકું વગેરે વગેરે... લઘુતાગ્રંથિ ધરાવતી વ્યકિત આવા વિચારોથી પીડાયા કરે છે. એ સતત દુ:ખી જોવા મળે છે. એ સતત વ્યગ્ર રહે છે.

માણસ માટે મુશ્કેલી પેદા કરતી બીજી ગ્રંથિ છે, ગુરુતાગ્રંથિ. હું કંઇક છું, મારા જેવો કોઇ નથી, હું દેખાડી દઇશ, મારી પાસે શું નથી, મારી પ્રગતિ જોઇને સૌ ઇર્ષ્યા કરે છે, સમાજમાં મારા જેવો માન-મોભો કોઇનો નથી, મારા સાહેબ પણ મારાથી બીવે છે, મને વહીવટ સોંપે તો હું દેખાડી દઉં... આવા બધા વિચારો કરી કરીને ગુરુતાગ્રંથિથી પીડાતો માણસ ગગનમાં વિહર્યા કરતો હોય છે. પૃથ્વી તેને નાની લાગે છે. બીજા લોકો એને તુચ્છ લાગે છે. ઝીણવટથી જુઓ તો તેનામાં તમને કદાચ ગાંડપણનાં સૂક્ષ્મ લક્ષણો પણ દેખાય.

માણસની મેન્ટલ હેલ્થ પર નકારાત્મક અસર કરતું ત્રીજું પરિબળ છે, ચિંતા. અમુક લોકો એક યા બીજી વાતે ચિંતા કર્યા જ કરતા હોય છે. વાતની શરૂઆત એવી કરે કે જાણે એના પર દુ:ખનો પહાડ તૂટી પડયો હોય. આજે એક્સિડન્ટ એટલા બધા થાય છે કે સાંજે સાજાસમા ઘેર પાછા આવ્યા તો ગનીમત... આવું બધું એ બોલ્યા કરે છે ને બોલતો ન હોય તો વિચાર્યા કરે છે. આને જ તો આપણે ચિંતા કહીએ છીએ. ચિંતા સાવ કોરી કટ નથી હોતી, તેની પાછળ અજ્ઞાત ભય રહેલો હોય છે. ભયભીત વ્યકિત વધુ ચિંતાતુર રહે છે. આ ભય પ્રત્યક્ષ પણ હોઇ શકે અને અપ્રત્યક્ષ પણ. ચિંતા, ભય, ગુસ્સો, વ્યાધિ, ઉપાધી, દ્વેષ, મોહ, માયા આબધા ભાવો એકમેક સાથે જોડાયેલા હોય છે.

હવે ચિંતા થવાનાં થોડાં કારણો જોઇએ. પતિ કે પત્નિનું મરણ, સંબંધવિચ્છેદ, છુટાછેડા, સગા સંબંધીનું મૃત્યુ, ઇજા અથવા બિમારી, ઉપરી અધિકારીનો ઠપકો, રીટાયર્ડ થવું, નોકરીની બદલી, બેંકની કે બીજા કોઇની નોટીસ, નવા મકાનમાં રહેવા જવું, રોન્ગ પાર્કિંગ જેવા નાના નાના કાયદાનો ભંગ-આવાં અનેક કારણો છે. ચિંતાનું ઝાપટું આનંદના વાતાવરણને એક સેકન્ડમાં ઉદાસીમાં પલટી નાખે છે. કકડીને લાગેલી ભૂખને પળભરમાં ગાયબ કરી શકે છે. આનો અનુભવ આપણને સૌને છે.

માનસિક તાણથી છૂટવાના અથવા કહો કે ટેન્શન ઘટાડવાના થોડા ઉપાયો આ પ્રમાણે હોય શકે. શાંત વાતાવરણમાં જાવ, રીલેક્સ થાવ, મનગમતું કાર્ય કરો, સંગીત સાંભળો, વાંચન યા બીજી કોઇ મનગમતી પ્રવૃત્તિ કરો, મેડિટેશન કરો, મિત્રો સાથે સમય પસાર કરો, કુટુંબજનો સાથે બેસી વાતો કરો, ગમ્મત કરો, મનગમતી પ્રવૃત્તિમાં મશગુલ રહો. ઘરકામ, મિત્રોનું કામ કે સામાજિક પ્રવૃત્તિ પણ ઘણી વાર માનસિક તાણ ઓછી કરી નાંખે છે. કામ કરતાં થાક લાગે તો થોડો આરામ કરો.

સૌથી મહત્ત્વનો મુદ્દો આ છે: સોશિયલ મિડીયાથી દૂર રહો, તેનો ખપ પૂરતો જ ઉપયોગ કરવો. વધુ પડતો સ્ક્રીનટાઇમ આપણને થકવી નાંખે છે. માનસિક તાણને કારણે ઘણા રોગ થાય છે. જેમ કે બીપી હાયપર ટેન્શન, ડાયાબિટીસ, અલ્સર વગેરે. ઉપરના ઉપાયો અજમાવવાથી મનને ઘણી રાહત મળશે. આજકલ સંબંધો વધારે ટોકિસક બની ગયા છે, જે મનની શાંતિને હણી લે છે. સાચી આધ્યાત્મિકતાની નિકટ જવા જેવું છે.

ક્રિયાકાંડ કે બાહ્યચાર નહીં, પણ સાચી આધ્યાત્મિકતા માનસિક સ્પષ્ટતા લાવે છે, આપણને આત્મજ્ઞાનની નજીક લઇ જાય છે, જેના પરિણામે મનની કેટલીય ગ્રંથિઓ આપોઆપ આગલી જાય છે. આ નવું વર્ષ આપણા સૌ માટે માનસિક શાંતિથી ભરપૂર રહે... ■

# બાળકોની માનસિક કેળવણી..!

માણસનું કોઇ પણ કામ તેની માનસિક્તા ને આધીન (તાબે) હોય છે. અને માણસની પોતાની માનસિક્તા પર અન્યની વાતોથી એટલો પ્રભાવ નથી પડતો, જેટલો પ્રભાવ તેના કામ, અમલ અને વ્યવહાર તથા વર્તનથી પડે છે.

નીચે આપણે આપણા અમુક તે વર્તન અને વ્યવહાર જોઇએ જેના દ્વારા આજે આપણા બાળકોની માનસિક કેળવણી થઇ રહી છે.

(૧) આપણે આપણા બાળકો પાસે ઇસ્લામી તાલીમની તુલનામાં સ્કુલની તાલીમમાં ધ્યાન વધારે કેન્દ્રિત કરાવ્યું, કે દીનની તાલીમ માટે કાં તો મદ્રેસો કાં તો ટયુશન. અને દુન્યવી તાલીમ માટે સ્કુલ પણ અને ટયુશન પણ અને સમય પણ વધારે. આપણા આ વર્તન અને વ્યવહારથી નાના બાળકની માનસિક્તા પરિવર્તિત થઇ કે દીની તાલીમ એટલી જરૂરી નથી જેટલી દુન્યવી તાલીમ જરૂરી છે.

(૨) નાના બાળકને નાનપણથી જ મદ્રેસા પ્રત્યે ભયભીત કરી દેવામાં આવ્યા, કે ઘરમાં જયારે પણ બાળક મસ્તી અથવા શરારત કરે છે તો મૌલાના-મોલસાબના નામની ધમકીઓ આપવામાં આવે છે. આપણા આ વ્યવહારને લીધે બાળકની માનસિક્તા મદ્રેસા પ્રત્યે ખતરનાક સ્વરૂપ ધારણ કરીને ઉપજે છે. જેના લીધે આગળ જતાં તે ઉલમાની સંગતથી પણ વંચિત રહી જાય છે.

(૩) આપણા સમાજમાં મોલસાબોનો પગાર, આદર અને સન્માન સ્કુલના શિક્ષકોની તુલનામાં ખૂબ જ ઓછો જોતાં બાળકો માનસિક રીતે મૌલવી નહીં, દુન્યવી ઉચ્ચ ડિગ્રી મેળવવાની મક્કમ સોચ બનાવી લે છે. દુન્યવી ઉચ્ચ ડિગ્રી મેળવવાની સારી વાત છે. પરંતુ સાથે જે દીનદારી આવવી જોઇએ તેમાં આપણું આ વર્તન નકારાત્મક અસર પેદા કરે છે.

(૪) મદ્રસાની રજાને બદલે સ્કુલની રજાને એ રીતે પ્રાથમિક્તા અને મહત્તા આપવામાં આવે છે કે આપણા દરેક કામો શાદી, મામા, નાના ને ઘેર જવું વગેરેનો પ્લાન રવિવારે જ કરીએ છીએ.

જેણે બાળકોને ઇસ્લામી તાલીમની પ્રતિષ્ઠા અને મહત્તાને માનસિક રીતે એટલી કમજોર બનાવી દીધી કે બાળકની માનસિક કેળવણી આ રૂપમાં થઇ કે ભલે મદ્રેસાની ગેરહાજરી થઇ જાય વાંધો નહીં, પરંતુ સ્કુલની ગેરહાજરી ન થવી જોઇએ. આ ઓછું હતું તે હવે તો જુમ્માની રજા પણ આપણા ગુજરાતમાં શનિવાર અથવા રવિવારે કરી દેવામાં આવી છે, કે જે કાંઇ જુમ્મા પ્રત્યેની થોડીક પ્રતિષ્ઠા બાકી હતી તે પણ ખતમ થવા માંડી છે. આ અમુક આપણા વ્યવહાર અને વર્તનોના તે ઉદાહરણો છે, જેનાંથી આપણે આપણા બાળકોની માનસિક કેળવણી કરી રહયા છીએ. આ સિવાય બીજા અનેક વ્યવહારો અને વર્તનો છે જેની ઉપર ધ્યાન આપવાનું છે કે આપણા આ વર્તનને લીધે આપણા બાળકોની માનસિક્તા કઇ વસ્તુઓ તરફ પ્રેરિત થઇ રહી છે..?

વાસ્તવમાં વિચારવા લાયક વાત છે કે આજે આપણા બાળકોની સોચ ઇસ્લામી સોચ નથી બનતી તેનું કારણ આ જ છે કે આપણે આપણા બાળકોની માનસિક કેળવણી કઇ પ્રકારની કરી રહયા છે. ■

## વાત કરવાની કળા

સિંહ અને સિંહણ બન્ને શાંતિથી વાર્તાલાપ કરી રહયા હતા. વાતમાંથી વાત નીકળતાં સિંહણે પ્રેમથી સિંહને કહયું, વનરાજ, મારી વાત તમને નહીં ગમે, પણ સાચું જણાવું છું તમારા મોંમાંથી ખુબ જ દુર્ગંધ આવે છે. સિંહને ગમ્યું નહીં પણ મેડમનું સાંભળવું તો પડે જ. હજી બે-ત્રણ વ્યક્તિ પાસે ખાતરી કરાવવાનું મન થયું. તરત જ ઘેટું મળ્યું. ઘેટાને બોલાવીને પૂછયું, મારા મોંમાથી દુર્ગંધ આવે છે? ઘેટું ભોળું હતું. તેણે વાસ્તવિકતા જણવી દીધી, જી વનરાજ ખુબ જ દુર્ગંધ આવે છે. ખરેખર સહન કરવી અઘરી છે. ઘેટું આટલું જ બોલ્યું સિંહને ખુબ ક્રોધ આવ્યો અને તેને મારી નાંખ્યું.

બપોરે વરુ મળ્યું. સિંહે વરુને પણ એ પ્રશ્ન કર્યો. જોકે વરુને ઘેટાના સમાચાર મળી ગયા હતા, તેથી તેણે કહયું કે, ના, ના. સહેજે દુર્ગંધ આવતી નથી, મને તો સુગંધ આવે છે. સિંહને વરુની વાતથી સમજાઇ ગયું કે આ ખોટા વખાણ કરી મારી મજાક કરે છે અને તરત તેને પણ મારી નાંખ્યું.

સાંજે શિયાળ મળ્યું. સિંહે શિયાળને પણ એ જ પશ્ન કર્યો. શિયારને ઘેટાના અને વરુના સમાચાર મળ્યા હતા. તેણે ઉત્તર આપ્યો રાજન! મને તો છેલ્લા ૧૫ દિવસથી શરદી થઇ છે, એટલે કોઇ ગંધ હું પારખી જ નથી શકતો કહી શિયાળ તરત આગળ ચાલવા લાગ્યું.

કયારે, કોની સામે, કઇ રીતે વાત કરવી? આ કળા જેની પાસે હોય, તે કયારેય દુ:ખી થતો નથી. ■

## વાયુને દૂર કરે ગલકાં અને તુરિયાં

### ગલકાં (ગુણ)

ગલકાં મધુર, શીતળ અને દમ, ઉધરસ, તાવ અને કૃમિનો નાશ કરે છે. વૈદકશાસ્ત્રને જવર રોગી માટે હિતકારી ગણ્યું છે. તે રક્તપિત્ત અને વાયુને મટાડે છે.

### દોષ

ગલકાં સ્નિગ્ધ, અગ્નિદાયક તથા કફ કરનાર છે.

### આહારમાં ઉપયોગ વખતે લેવાની કાળજીઓ

(૧) ગલકાં અગ્નિદાયક તથા કફ કરનાર હોય કફ પ્રકૃતિવાળાએ તેનો ઉપયોગ કરવો હિતકારી નથી.

(૨) ગલકાં બહુ વાયડાં નથી, છતાં શરદ ઋતુમાં ભાદરવામાં તેનું વધારે પડતું સેવન કરવું હિતાવહ નથી.

(૩) શરદ ઋતુમાં ગલકાંનું વધુ પડતું સેવન કરવાથી પિત્તનો પ્રકોપ થાય, તાવ આવે છે.

(૪) ગલકાં અને મરચાંમાં તાવનો વાસ હોવાથી આ ઉક્તિ પ્રચલિત છે.

### ઔષધીય ગુણ

(૧) ગલકાંનાં પાનના રસને ગરમ કરી ચોપડવાથી સોજો મટે છે.

(૨) ગલકું શેકી, તેનો એક પૈસાભાર રસ કાઢી, બાળકને પીવડાવવાથી તેમની છાતીનું દરદ મટે છે.

### તુરિયાં (ગુણ)

તુરિયાં ઠંડા, મધુર, પિત્તનો નાશ કરનાર, અગ્નિને પ્રદીપ્ત કરનાર છે. એ શ્વાસ, તાવ, ઉધરસ અને મળ અવરોધને દૂર કરનાર છે.

### દોષ

તુરિયાં કફ તથા વાયુ કરનાર છે. ચોમાસામાં તે વધારે પડતાં ખવાય તો વાયુનો પ્રકોપ થતાં વાર લાગતી નથી.

### આહારમાં ઉપયોગ વખતે લેવાની કાળજીઓ

(૧) તુરિયાં પચાવવામાં ભારે અને આમ કરનાર છે તેથી ચોમાસાની ઋતુમાં તુરિયાનું શાક હિતકારી છે.

(૨) વર્ષા ઋતુનું શાક તુરિયાં માંદા માણસ માટે હિતકારી નથી.

(૩) સાજાસારા માણસે પણ સારા પ્રમાણમાં લસણ અને તેલ નાખેલું શાક જ ખાવું હિતાવહ છે.

### ઔષધીય ગુણ

(૧) તુરિયાંના વેલાનાં મૂળ ગાયના દૂધમાં અથવા ઠંડા પાણીમાં ઘસી રોજ સવારમાં ત્રણ દિવસ સુધી પીવાથી પથરી મટે છે.

(૨) તુરિયાંના વેલાના મૂળને ગાયના માંખણમાં અથવા એરંડીયામાં ઘસીને બે-ત્રણ વાર ચોપડવાથી ગરમીને લીધે બગલ/મંદામાં ખાંચમાં પડતી ચાંદીઓ મટે છે. ■

# દેશ-વિદેશના સમાચાર

## ઇટાળવા

**ખુશ આમદીદ (જન્મ) :-** ઇકબાલ ઇબ્રાહીમ કડવા ને ત્યાં છોકરાનો જન્મ થયો છે નામ ઇબ્રાહીમ રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ :-** અ. હક અહમદ ઘોડાવાલા નો યુ.કે. ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ. લી.)

**પરદેશથી આગમન :-** ઝકરીયા યુનુસ પાંડોર યુ.કે. ની શુભેચ્છા મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

**ઉમરાહ મુબારક :-** હાફેઝ ખાલીદ સીદાત એમની અહેલીયા હલીમા બહેન તથા વાલેદા રૂકશાના બહેન સાથે ઉમરાહ કરી વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમન :-** અ. હય ઘોડાવાલા એમની અહેલીયા સકીના બહેન તથા દુખ્તર આઇશા સાથે, સુલેમાન અ.રહમાન અલીભાઇ એમની અહેલીયા સીદ્દીકા બહેન સાથે વતનની ટૂંકી મુલાકાત લઇ યુ.કે.પરત, હાજી અ.સમદભાઇ અમેજી એમના નવાસા હુઝયફા ભાણા સાથે તથા નઝીરભાઇ પાંડોર એમની અહેલીયા ખદીજા બહેન સાથે યુ.કે.ની શુભેચ્છા મુલાકાતે ગયા છે.

**ઉમરાહ મુબારક:-** અ. રહમાન ભાણા એમની વાલેદા સલમા બહેન તથા બહેન ફરહાના સાથે ઉમરાહ કરવા ગયા છે.

## કોસંબા

**પરદેશથી આગમન :-** સોયબ યાકુબ મુલ્લા ફેમિલી સાથે તથા ઝૈદ અખ્તર મોતાલા યુ.કે.થી, આસીફ ઐયુબ મોતાલા (દિવાંગરી) ફેમિલી સાથે મલાવીથી, સઇદ ઇબ્રાહીમ કોયા ફેમિલી સાથે ઝામ્બીયાથી, શૌકત ઇબ્રાહીમ કોયા, ઇબ્રાહીમ મોહંમદ નોરાત, ઝકરીયા સાજીદ મોતાલા તથા યુનુસ ઇબ્રાહીમ દાવજી (ભાઇ ગોરા) કેનેડાથી આવ્યા છે.

## તરાજ

**ઇન્તેકાલે પુરમલાલ :-** અ. રહમાનભાઇ મોટા ઉમરાહ કરવા ગયા હતા તેમનો મક્કા ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ. લી.)

**પરદેશ ગમન :-** અબ્દુલભાઇ ખાલેક અમેજી, ગુલામભાઇ અમેજી, હારૂનભાઇ અમેજી, અ.રહમાનભાઇ અમેજી તથા મહમુદભાઇ અમેજી તથા એમના બહેન ખદીજા ઇસ્માઇલ પટેલ વતનની ટૂંકી મુલાકાત લઇ યુ.કે. પરત ગયા છે.

**ઉમરાહ મુબારક :-** અ.રહમાનભાઇ મોટા એમની અહેલીયા નસીમા તથા ફરજંદ અહમદ તેમજ પૌત્ર મોહમ્મદ અને નવાસો મોહમ્મદ સાથે ઉમરાહ કરવા ગયા છે.

## રાંદેર

**ઇન્તેકાલે પુરમલાલ :-** ફાતેમાબીબી (આપી નાની) - યાકુબ મુરાદની છોકરી તે ઇસ્માઇલ ભામની ઔરતનો મુંબઇ ખાતે, યાકુબ યુસુફ હાટીયાનો પેરીસ ખાતે, બિલ્કીસબીબી - અલી આરેફની છોકરી તે અબુબકર આરેફની ઔરતનો યુ.કે.ખાતે, શાહબુદ્દીન મોહંમદ દાખલી, ગુલામ મોહંમદ આઝમ ઇસ્માઇલ, ખદીજાબીબી

## બાટલી - યુ.કે.

**રજુ કર્તા :- જ. મોહંમદભાઇ પાંડોર સા. જીતાલીવાલા**

**શાદી મંગણી:-** ડયુઝબરીના હાફીઝ મહમ્મદ ભુલા કાલાકાછાવાળાની શાદી બાટલીમાં થઇ છે.

**આગમન :-** ડયુઝબરીથી ડોકટર ઝુબેર અહમદ દલાલ જીતાલીવાળા ફેમિલી સાથે સગા-વ્હાલાઓની મુલાકાત માટે ઝામ્બીયા જઇને પરત આવ્યા છે. હારૂન હસન બાસર અને નાઝીમા હારૂન બાસર આલીપોરવાળા ઇજીપ્ત હોલીડે કરીને આવ્યા છે.

**મુબારકબાદ :-** ડયુઝબરીના સારાબહેન ઇસ્માઇલ પટેલ નવસારીવાળા હાફીઝા થયા છે.

(પ્યારી બુ) - હાફેઝ યાકુબ કાલુની છોકરી તે અલ્લી ઇસ્માઇલ માકડાની ઔરતનો તથા મૈમુનાબીબી - મોલ્વી અબ્દુર્રહીમ સાદિકની છોકરી તે યાકુબ મુસાજીની ઔરતનો રાંદેર મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ. લી.)

## કઠોર

**ઇન્તેકાલે પુરમલાલ :-** રશીદા સુલેમાનપારખ નો ઇન્તેકાલ થયો છે. (ઇ. લી.)

**પરદેશથી આગમન :-** મેહમુદ ઇબ્રાહીમ ઇશાક સા.આફ્રીકાથી, હુશેનભાઇ કાઝી યુ.કે.થી, ઇસ્માઇલભાઇ અસમાલ (દહીં) ફેમિલી સાથે, ગાલીબભાઇ ઉમર, સાજીદ ઐયુબ ઇશાક (જેક) તથા શબ્બીરભાઇ ડોબા ફેમિલી સાથે કેનેડાથી આવ્યા છે.

**ઉમરાહ મુબારક :-** મુઆઝ સુલેમાન ડોબા એમની અહેલીયા નઇમા સાથે, મોહંમદ કાસીમ ઢલેચ, સુલેમાન કાસીમ ઢલેચ ફેમિલી સાથે તથા શાહીન અફઝલ ઢલેચ એન્ડ ફેમિલી ઉમરાહ કરી વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમન :-** ઇબ્રાહીમ બાબુ સુરતી ફેમિલી સાથે યુ.કે.પરત, ઇબ્રાહીમ ગોરા અસમાલ અમેરિકા પરત, અસ્મા જુનેદ અમલા એન્ડ ફેમિલી સા.આફ્રીકા, અમીના બશીર ડોબા, ઇમરાનભાઇ માંજુ, રીઝવાન ઇ. ઉમર તથા આસીફભાઇ નાના વતનની મુલાકાત લઇ કેનેડા પરત ગયા છે.

**અન્ય :-** મહેફિલે રોનકુલ ઇસ્લામ ટ્રસ્ટ કઠોર દ્વારા આયોજીત હેલ્થ અવેરનેસ કેમ્પ થેરાપીનો ફ્રી કેમ્પનું આયોજન તા.૨૫ જુલાઇ થી ૩ ઓગષ્ટ ૨૦૨૫ સુધી સતત ૧૦ દિવસ સુધી ૧૦ થી ૫ સમય દરમિયાન રાંદેરી હોલમાં રાખવામાં આવ્યું હતું, જેમાં કઠોર તથા આજુ બાજુના ગામોની જનતાએ લાભ લીધો હતો. આ કેમ્પનું ઉદ્દ્ઘાટન કેનેડાથી પધારેલા જ.આસીફભાઇ નાના (અસ્માલ) સા. એ કર્યું હતું. મહેફિલે રોનકુલ ઇસ્લામ ટ્રસ્ટના હોદ્દેદારો તથા ટ્રસ્ટીઓએ શ્રી.અશ્વીન ગોસ્વામી, રાહુલ ગોસ્વામી,હસ્તી ગોસ્વામી,મનીષા ગોસ્વામી



સા.નું ફુલથી સ્વાગત જ.મૌ.ઇસ્માઇલ અસ્માલ સા., જ.યુસુફ ઇશાક સા., જ.મો.ખાલીદ અસ્માલ સા. તથા જ.અશરફ રાંદેરી સા.એ કર્યું હતું.આ તકે દવાખાનાને ૩ એર કંડીશન આપનારા જ.સુલેમાન સીદાત સા.નું સન્માન જ.આસીફ નાના સા.એ કર્યું હતું.જ.યુસુફ ઇશાક સા.એ એમના વાલીદ મર્હુમ ઐયુબ ઇશાક સા.અને કાકા મર્હુમ અબુબકર ઇશાક સા.નાં ઇસાલે સવાબ માટે ૨ મશીન તથા જ.ફરીદ રાણા સા. એ ૧ મશીન સંસ્થાને દાનમાં આપ્યું છે.આ કેમ્પમાં કુલ ૬૭૦ દર્દીઓએ લીધો હતો.દરરોજ ૨૫૦ની સરેરાશથી થેરાપીના દર્દીઓએ લાભ લીધો હતો. સમારંભનાં છેલ્લા દિવસે કેમ્પમાં સેવા આપનાર અશ્વીનભાઇ,રાહુલભાઇ, હસ્તી, મનીષા, રાજ અને શ્વેતા નો આભાર સંસ્થાનાં ટ્રસ્ટી જ.ઐયુબ ડોબા સા., જ.મો.હુસેન રાંદેરી સા.એ માન્યો હતો.પૂર્ણાહુતીમાં જ.સુલેમાન ડોબા સા.,શ્રી. યોમીન શાહ સા.,નિલેષ ગોહીલ સા.ને આમંત્રણ આપ્યું તેઓ આવ્યા તેમનું સ્વાગત જ.આસીફ નાના સા., જ.સુલેમાન ડોબા સા.એ કર્યું હતું અને કઠોરની જનતાએ જે લાભ લીધો હતો તે તમામનો આભાર માન્યો હતો.

## પ્રેસ્ટન - યુ.કે.ના આપણા ભાઇઓ તરફથી સોસાયટીને મળેલી મદદ

અમને જણાવતા આનંદ થાય છે કે રમઝાન ૨૦૨૫ના માસમાં પ્રેસ્ટન, યુ.કે. ના આપણા ભાઇઓ તરફથી સોસાયટીને રૂા.૧,૫૮,૧૨૦/- નું દાન જનાબ સિદ્દીક દાવુદ બોબાત સા. તથા મિત્રો હસ્તે નીચે મુજબની વિગતે મળ્યા છે. **જઝાકુમુલ્લાહ.**

| વિગત | રકમ |
|---|---|
| ઝકાત | ૧,૩૮,૯૭૫ |
| લીલ્લાહ | ૩,૬૭૫ |
| સદકા | ૮,૪૦૦ |
| નફીલ સદકા | ૭,૩૫૦ |
| બેવાફંડ | ૧,૫૭૫ |
| બેંક વ્યાજ | ૧,૧૪૫ |
| કુલ રકમ | ૧,૫૮,૧૨૦ |

અલ્લાહપાક કૌમની આ સંસ્થા વહોરા સોસાયટીને મદદ આપનારા તથા મદદ અપાવનારા તમામ નામી અનામી સાહેબોની હલાલ રોજીમાં બરકત આપે અને બન્ને જહાંનમાં એનો બહેતરીન બદલો અતા ફરમાવે. આમીન.

મોમીન મશાયખી જમાતના ટ્રસ્ટીઓએ ખાસ સાથ-સહકાર આપ્યો હતો.તેઓનો પણ આભાર માન્યો હતો. કઠોર મેહફિલે રોનકુલ ઇસ્લામ ટ્રસ્ટનાં હોદ્દેદાર-ટ્રસ્ટીઓ આવા કેમ્પનું આયોજન કરતાં રહે છે તે બદલ તેઓને જ.સુલેમાન ડોબા સા.એ બિરદાવ્યા હતા અને આવનાર દિવસોમાં બીજા ફ્રી કેમ્પનાં આયોજન કરવામાં આવશે એવું એક અખબાર યાદીમાં એમણે જણાવ્યું હતું. દવાખાનાના સ્ટાફ જ.અમીન પટેલ સા. નો પણ આભાર માન્યો હતો.






(૨) જામિઅહ હક્કાનીયાહમાં અદ્યતન કોમ્પ્યુટર લેબ દીની તાઅલીમ સાથે દુન્યવી તાઅલીમમાં એક કદમ આગળ વધી શરૂઆત કરવામાં આવી. દેશ-વિદેશના સખી દાનવીરોઓએ પોતાના મર્હુમોના ઇસાલે સવાબ માટે મદદ કરી હતી. અને મોટો ફાળો કેનેડા સ્થાઇ જ.ફારૂક રઝાકાઝી સા.નો રહયો.અલ્લાહ તઆલા કબુલ કરે. આમીન.

## વરીયાવ

**શાદી મંગણી:-** દાવુદ (હારૂન) મુસા મમુજી પટેલના દિકરી સાલેહાના નિકાહ ઇબ્રાહીમ અ.ગની સામરોદ વાલા સાથે થયા છે.

**ખુશ આમદીદ (જન્મ):-** અબ્દુર રહમાન (અનીશ) દાવજીના ફરજંદ ફૈઝાન ને ત્યાં યુ.કે. ખાતે છોકરીનો

જન્મ થયો છે નામ ફાતેમા રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ :-** રૂકૈયાબીબી-યુસુફ ઇસ્હાક ખાંડીયાના વિધવા નો વરીયાવ ખાતે,ખદીજા (લાલગોરી) ગુલામ હુશેન નો રંગુન ખાતે, મુસા અહમદ મામસા નો ઓસ્ટ્રેલીયા ખાતે, ઇસ્માઇલ ગુલામ હુશેન (નલ્લુભાઇ) કાકા ના અહેલીયા સફીયા નો સા.કોરીયા ખાતે તથા સુલેમાન (શૌલી) કાસમ માયત ના અહેલીયા શબાના નો સા.આફ્રીકા ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ. લી.)

**ઉમરાહ મુબારક :-** આસીફ ઇસ્માઇલ (ગુલફામ) મપારા ના દિકરી નિખ્ખત યુસુફ મુલ્લા ઉમરાહ કરી વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમન :-** આમીર નાસીર મપારા વતનની મુલાકાત લઇ યુ.કે. પરત ગયા છે.

## કાપોદરા

**પરદેશથી આગમન :-** મૌલાના ઇસ્માઇલ પટેલ (રઇશ) કેનેડા - ઝામ્બીયાની મુલાકાત લઇ વતન પરત, અકબરભાઇ ભરૂચી ફેમિલી સાથે ઝામ્બીયાથી, મઆઝ ભાઇ ભરૂચી કેનેડાથી તથા શબ્બીરભાઇ લુલાત ફેમિલી સાથે અમેરિકાની મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમન :-** આરીફભાઇ લુલાત સ્વીઝર્લેન્ડ પરત, અઝીઝુર્રહમાન પટેલ ઝામ્બીયા પરત તથા આયશા બહેન પાડોર (સરપંચ) ઝામ્બીયા ગયા છે.

## આલુંજ

**શાદી મંગણી :-** મલાવી નિવાસી શેહજાદ શૌકત નોરાતની શાદી ઉમરવાડા મુકામે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ :-** હાજી મુસા ગુલામમોહંમદ નોરાત ના અહેલીયા ફાતમા બહેન નો ઇન્તેકાલ થયો છે. (ઇ. લી.)

**પરદેશથી આગમન :-** શબ્બીર મહમદ ટોપીયા એમની અહેલીયા શબીહા બહેન સાથે પેરીસની શુભેચ્છા મુલાકાત લઇ વતન પરત, આયશા ઐયુબ નોરાત તથા ઐયુબ સુલેમાન ટોપીયા પેરીસથી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન :-** ઇલ્યાસ મુસા નોરાત, હાસીમ મુસા નોરાત એમની અહેલીયા શબીહા બહેન સાથે તથા ઇકબાલ મુસા નોરાત વતનની ટુંકી મુલાકાત લઇ પેરીસ પરત તથા કુલસુમ (બાનું) ઇકબાલ નોરાત એમના ફરજંદ ફહીમ સાથે પેરીસ ગયા છે.

## વહોરા સમાચારના જાહેરાતના નવા દરો

જાન્યુઆરી - ૨૦૨૫ થી વહોરા સમાચાર પેપરનો GST નંબર આવી ગયો છે. જેમાં ચાલુ માસથી વહોરા સમાચાર પેપરની જાહેરાત ઉપર નીચે મુજબના દર લાગુ પડશે જે બાબત તમામ જાહેરાત આપનાર સાહેબોએ ધ્યાનમાં લેવા વિનંતી.

| સાઇઝ | જાહેરાત દર | GST | ટોટલ |
|---|---|---|---|
| આખુ પેજ | રૂા. ૨૦૦૦ | રૂા.૩૬૦ | રૂા. ૨૩૬૦ |
| અડધુ પેજ | રૂા. ૧૨૦૦ | રૂા.૨૧૬ | રૂા. ૧૪૧૬ |
| પા પેજ | રૂા. ૬૦૦ | રૂા.૧૦૮ | રૂા. ૭૦૮ |
| મીનીમમ પેજ | રૂા. ૩૦૦ | રૂા. ૫૪ | રૂા. ૩૫૪ |

**નોંધ:-** વહોરા સમાચારમાં આવતી જાહેરાત કે લેખ સાથે તંત્રી કે સંસ્થા સહમત છે એવું માનવું નહીં.કોઇ પણ સંસ્થાની જાહેરાત લેટરપેડ ઉપર તથા સહી-સિક્કા વાળી હશે તો જ છાપવા અંગે વિચારણા કરવામાં આવશે.

## વહોરા સમાચારમાં લવાજમ મોકલવાનું ઠેકાણું

**વહોરા સમાચાર, સુફીબાગ, રેલ્વે સ્ટેશન સામે, સુરત - ૩૯૫૦૦૩**

**એકાઉન્ટ નંબર :- ૦૭૪૩૦૨૦૦૦૦૦૧૮૫, બેંક ઓફ બરોડા, સુફીબાગ બ્રાન્ચ, સુરત-૩**

**IFSC CODE :- BARB0SUFIBA**

## કોસમડી

**અન્ય :-** કોસમડી માધ્યમિક શાળાના આંગણે ૭૯ માં સ્વતંત્ર્ય દિવસ એક રાષ્ટ્રીય પર્વ તરીકે ઉજવાઇ ગયો. સવારે ૮-૧૫ વાગ્યે શાળાના ચોકમાં શાળા કમિટી - ગ્રામજનોની હાજરીમાં ધ્વજવંદન કેનેડાના સફીર હાજી ઇસ્માઇલ સુલેમાન બોબાત સાહબના વરદ હસ્તે થયુ. ત્યારબાદ શાળાના બાળકો, શિક્ષકો, આચાર્ય, ગ્રામજનો દ્વારા ઝંડાગીત-રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કેનેડાથી પધારેલા હાજી ઇસ્માઇલ બોબાત સાહેબે રાષ્ટ્ર પ્રત્યે વફાદારી અને બાળકોને અભ્યાસ વિષે ટૂંકુ પ્રવચન આપ્યું હતું. વરસાદી માહોલ હોવાથી કાર્યક્રમ ખુબ જ ટુંકા સમયમાં આટોપી લેવામાં આવ્યો હતો. ચોકલેટ આપી કાર્યક્રમની પૂર્ણાહુતી થઇ હતી.

## આંકડોદ

**ઇન્તેકાલે પુરમલાલ :-** અહમદ સઇદ ઇબ્રાહીમ (ગોરા) કાઝીનો સા.આફ્રિકા ખાતે તથા ઐયુબ મુસેજી કાઝી નો ગામ ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ. લી.)

**પરદેશ ગમન :-** ઉસ્માન અહમદ પટેલ એમની અહેલીયા સાથે કેનેડા પરત, સઉદા અબરાર કાઝી (માસ્તર) સા.આફ્રિકા તથા અસ્ફાક ઉસ્માન કાઝીની અહેલીયા વતનની મુલાકાત લઇ સા.આફ્રિકા પરત ગયા છે.

## વ્યારા

**પરદેશ ગમન :-** ઉવેશ અ.હફીઝ મુસા એમની અહેલીયા તેમજ છોકરીઓ સાથે વતનની મુલાકાત લઇ યુ.કે. પરત ગયા છે.

## શીફા માટે દુઆ

આપણી સોસાયટીના બોર્ડ ઓફ કાઉન્સીલના સભ્ય **જનાબ ઇબ્રાહીમભાઇ સાજીભાઇ મેમાન સાહબ, માંગરોલ** ના ગુઠણની સર્જરી થઇ છે.

અમો અલ્લાહ તઆલાથી દુઆ કરીએ કે માબુદે કરીમ એમને શીફાએ કામિલા બક્ષે અને ઉમરમાં બરકત અતા ફરમાવે. **આમીન.**

## વહોરા સમાચાર પ્રતિનિધી જોગ

**વહોરા સમાચારમાં સમાચાર મોકલનાર પ્રતિનિધી ભાઇઓને નમ્ર વિનંતી કે ગામના કે સંસ્થાના સમાચાર ટુંકા અને મુદ્દાસર લખવા તથા દર માસની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા.**

## વહોરા સમાચાર ગ્રાહક જોગ

(૧) વહોરા સમાચારના અંકો દેશ તથા પરદેશમાં દર માસની ત્રીજી તારીખે એક સાથે પોસ્ટ કરવામાં આવે છે. જેમને અંક ન મળે કાર્યાલયમાં જાણ કરતા સ્ટોકમાં હશે ત્યાં સુધી અંકો રવાના કરવામાં આવશે.પરંતુ દેશમાં અંક ન મળવાનીફરીયાદ જે તે ગામની પોસ્ટ ઓફિસને પણ અવશ્ય કરવા વિનંતી.

(૨) વહોરા સમાચારને લગતા કોઇ પણ કામ માટે નીચે આપેલ મો.નંબર ઉપર તેમજ ઇ-મેલ ઉપર સંપર્ક કરી શકો છો.

**મોહમદ અસલમ વાચ. પટેલ - મોબાઇલ નંબર** 098241 84657

E-mail:-vohrasamachar@yahoo.com, vohrasamachar@gmail.com

**રિવ્યુ :-** ભારતના પ્રખ્યાત આલિમે દીન-ધર્મના વિદ્વાન મૌલાના મુહમ્મદમન્ઝુર નોઅમાની (રહ.) એ કુર્આને પાકમાંથી કેટલીક ખાસ આયતોને પસંદ કરીને કુર્આન આપસે કયા કેહતા હૈ? (કુર્આન આપણને શું કહે છે ?) - નામી એક બહુ જ આધારભૂત અને મૂલ્યવાન ગ્રંથ તૈયાર કર્યો છે, જેમાં મૌલાના સાહબ (રહ.) એ સમગ્ર માનવજાતને નજર સમક્ષ રાખી છે, પરંતુ આ ગ્રંથ ઉર્દૂ ભાષામાં હોવાથી આપણા ભાઇઓ ઉર્દૂ ભાષા જાણતા ન હોવાને કારણે તેમની પોતાની ઉત્કટ ઇચ્છા હોવા છતાં આવા મૂલ્યવાન ગ્રંથથી લાભાન્વિત થઇ શકતા નથી. જ. યુસુફખાન પઠાણ સા. (ગુંજાવાલા) મુ. રાધનપુર-જિ. પાટણ ને અલ્લાહ તઆલા શ્રેષ્ઠ બદલો અતા ફરમાવે કે, જેમણે ગુજરાતી ભાષામાં અનુવાદ કરીને ઉમ્મત માટેઅત્યંત ઉમદા સેવા કાર્ય કર્યું છે. અલ્લાહતબારક વ તઆલા એમની આ સેવા કાર્યને કબૂલ ફરમાવી તમામ માનવીઓને આ અનુવાદરૂપી ગ્રંથથી ભરપૂર લાભ મેળવવાની પ્રેરણા આપે. આમીન.

## ઇન્તેકાલે પુરમલાલ

● આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ દાનવીર **જનાબ મોહમદ કાસમ સબાત સાહબ, લેસ્ટર - યુ.કે.** ના ભાઇ **જનાબ ઐયુબ કાસમ સબાત સાહબ** નો **તા.૧૧-૮-૨૦૨૫** ના **સોમવાર**ના રોજ **લેસ્ટર - યુ.કે.** ખાતે ઇન્તેકાલ થયો છે. **(ઇ. લી.)**

● આપણી સોસાયટીના માજી પ્રમુખ મર્હુમ **જનાબ મહમદ યુસુફ પટેલ સાહબ, કોસંબા**ના અહેલીયા તથા આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ દાનવીર **જનાબ ડો. યાકુબભાઇ ગંગાત સાહબ**ના અહેલીયા **મોહતરમા ફરીદાબહેન, અમેરિકા**ના ભાભી તેમજ આપણી સંસ્થાના લાઇફ મેમ્બર **જનાબ ડો.અસ્લમ આદમજી દરસોત સા., સંજાલી** ના સાસુમા **મોહતરમા હફસાબહેન**નો **તા. ૨૧-૮-૨૦૨૫** ના **જુમેરાત**ના રોજ **કોસંબા** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ. લી.)**

● આપણી સોસાયટીના બોર્ડ ઓફ કાઉન્સીલના સભ્ય **જનાબ મો. ઉમર અહમદ આદમ સાહબ, મોટાવરાછા**ના મોટાભાઇ **જનાબ સીદ્દીક અહમદ આદમ સાહબ** નો **તા. ૪-૮-૨૦૨૫** ના **સોમવાર**ના રોજ **અમેરિકા** ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ. લી.)

● આપણી સોસાયટીના ઉત્તર વિભાગના ઉપ પ્રમુખ **મૌલાના સોયબ યાકુબ ભૈયાત સાહબ, સંજાલી**ના ખાલા તેમજ આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જનાબ હનીફ ગુલામ કાઝી સાહબ, સંજાલી** ના વાલેદા **મોહતરમા હવાબહેન** નો **તા. ૯-૮-૨૦૨૫** ના **શનિવાર**ના રોજ **સંજાલી** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ. લી.)**

● આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ મદ્રેસા જમીઅતુલ કિરાત, કફલેતાના મોહતમીમ **જનાબ કારી ઇસ્માઇલ બિસ્મીલ્લાહ સાહબ**નો **તા. ૨૦-૮-૨૦૨૫** ના **બુધવાર**ના રોજ **ડાભેલ** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ. લી.)**

● આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જનાબ મોહંમદઅલી યુસુફ હાંસલોદ સાહબ,કેનેડા**ના વાલેદા **મોહતરમા ફાતેમા બહેન** નો **તા. ૨૪-૮-૨૦૨૫** ના **રવિવાર**ના રોજ **વરેઠી** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ. લી.)**

● આપણી સોસાયટીના ઓફીસ સેક્રેટરી **જનાબ ઝીયાઉદ્દીન ઐયુબ કાઝી સાહબ, આંકડોદ** ના વાલીદ **જનાબ ઐયુબ મુસેજી કાઝી સાહબ** નો **તા. ૨૮-૮- ૨૦૨૫** ના **જુમેરાત**ના રોજ **આંકડોદ** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ. લી.)**

---

**અલ્લાહપાક ઉપરોકત મર્હુમોની બાલ-બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તેમજ સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન.**

## મેડીકલ તથા એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ માટે

### મર્હુમ મોહંમદ યુસુફ દાવજી મેડલ તથા રોકડ પુરસ્કાર

**M.B.B.S. (ફાઇનલ)** ની પરીક્ષામાં સૌથી વધુ માર્કસ મેળવનાર **વહોરા વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને મેડલ તથા રોકડ પુરસ્કાર** આપવામાં આવશે. જે તે વર્ષમાં **M.B.B.S.** માં વિદ્યાર્થી ન હોય તો **B.H.M.S. (ફાઇનલ)** ની પરીક્ષામાં સૌથી વધુ માર્કસ મેળવનાર **વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને** આપવામાં આવશે.

### મર્હુમા હફસા મોહંમદ દાવજી મેડલ તથા રોકડ પુરસ્કાર

**B.Tech., B.E. (એન્જીનીયરીંગ)** ની પરીક્ષામાં કોઇ પણ ફેકલટીમાં સૌથી વધુ માર્કસ મેળવનાર **વહોરા વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને મેડલ તથા રોકડ પુરસ્કાર** આપવામાં આવશે. (તમામ ફેકલટીઓ માંથી જે ફેકલટીમાં સૌથી વધુ માર્કસ હોય તેને આપવામાં આવશે.)

### B.H.M.S. વિદ્યાર્થીનીઓ માટે રોકડ પુરસ્કાર

**હાજી આદમજી હશનજી દરસોત રોકડ પુરસ્કારઃ- B.H.M.S. (ફાઇનલ)** ની પરીક્ષામાં સૌથી વધુ માર્કસ મેળવનાર **વહોરા વિદ્યાર્થીનીને રૂા. ૧૫ હજાર રોકડ પુરસ્કાર** આપવામાં આવશે.

---

- **મર્હુમા આબેદાબહેન મહમદઅલી દરસોત રોકડ પુરસ્કાર :-** H.S.C. વિજ્ઞાન પ્રવાહમાં **નીટ** ની પરીક્ષા માં સૌથી વધુ માર્કસ મેળવનાર **વહોરા વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને** રૂા. ૧૧ હજાર રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

## આપણી એ.વાય. દાદાભાઇ કોલેજનું ગૌરવ






## આપણા સમાજનું ગૌરવ




આપણી સોસાયટીના મેનેજીંગ કમિટીના સભ્ય જનાબ યાકુબ ગુલામમહમદ રાવત સા., અંકલેશ્વરના પૌત્ર ડો. સાદાબ સાજીદ રાવત સા. એ NEET PG માં આખા ભારતમાં ૯૬ મો રેંક તથા ગુજરાતમાં ૫ મો રેંક પ્રાપ્ત કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યું છે. તે બદલ મુબારકબાદ.

અમો ડો. સાદાબને તબીબી કારકિર્દીના આ નવા તબક્કામાં એમની સફળતાની ઇચ્છા રાખીએ છીએ. એઓ હંમેશા કરૂણા, જ્ઞાન અને માનવતા પ્રત્યેની સેવાની ભાવનાથી માર્ગદર્શન મેળવે અને એઓ દરેક પ્રયાસમાં તેમના ઉચ્ચ શિક્ષણને ગૌરવ અપાવતા રહે એવી દુઆ.

### B.Pharmacy



હથુરણ ગામના વતની મોહંમદગોરો સોહેલ મુલ્લા એ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી, દ્વારા લેવાયેલ BACHELOR OF PHARMACY શ્રી ધનવંતરી ફાર્મસી કોલેજ, કીમ માંથી ફર્સ્ટ કલાસમાં પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. તે બદલ મુબારકબાદ.

### S.S.C. માં સફળ થયેલા પ્રતિભાશાળી તારલાઓ - ૨૦૨૫



મસીહા અહમદસઇદ પાંચભાયા
ગામ: કોસાડી, ૯૨.૧૬ %



શાહીના સોયબ ભુલા
ગામ: કોસાડી, ૯૧.૧૬ %



આમેના ઇલ્યાસ માંજરા
ગામ: મોસાલી
૯૧.૦૦ %



ફરહાના યુસુફ ભુલા
ગામ: કોસાડી
૮૧.૫૦ %



યુસરા ઉસ્માન મોતાલા
ગામ: વરેઠી
૮૧.૦૦ %



સાઇમા ઇસ્માઇલ દેસાઇ
ગામ: લુવારા
૭૮.૬૬ %

મહમદ ઇસ્માઇલ રંદેરા
ગામ: કોસાડી
૬૫.૫૦ %

## You Can Make Your Donation To The Following Bank Account

**DONORS FROMABROAD**

THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY
STATE BANK OF INDIA

ACCOUNT NO : (FCRA - SAVINGS BANK A/C.) 40159386675
BRANCH CODE : 00691
BANK SWIFT CODE : SBININBB104
BANK ADDRESS : FCRA Cell, 4th Floor, State Bank of India,
New Delhi Main Branch -11, Sansad Marg, New Delhi-110001 (INDIA)

Phone No.0091-261-2420097

SEPTEMBER - 2025

VOHRA SAMACHAR

VALID UP TO 31-12-2026.
Licence No.040 inland 081 For Foreign

PUBLISHED ON LAST DATE OF EVERY-MONTH , AT NATRAJ PRINTERS, SURAT

RNI No.9372/57"Registerd No.SRT-004/2024 -2026"
2000 Copies Posted at SR RMS at 3rd of Every month

on date of posting 03-09-2025

વહોરા સમાચાર લવાજમના વાર્ષિક દર નીચે પ્રમાણે છે.
દેશમાં વાર્ષિક લવાજમ રૂ.૨૦૦, દેશમાં લાઇફ મેમ્બર ફી રૂ.3000, પરદેશમાં વાર્ષિક લવાજમ (બાય એર મેલ) રૂ.૧૩૦૦, પરદેશમાં લાઇફ મેમ્બર ફી રૂ. ૫૦૦૦ (એર ચાર્જ રૂ. ૧૦૦૦ વાર્ષિક ભરવાના રહેશે.), છુટક નકલ કિંમત રૂ.૨૦.૦૦

## A Humble Appeal to Generous Donors




Respected Donors & Well Wishers

Assalamo alaykum v.v.

We express our co-hearted gratitude to our philanthropists donors from all over the world for their generous charities to the Suratee Sunni Vohra Muslim Education Society - SURAT

This is the era of digital techniques where computer and IT related courses are the most demandable so society has decided to start BCA (Bachelor in Computer Application) college in AYDTI campus. Initially the construction of about 8500 Sq. ft. started and total cost of BCA College will be INR 1,30,00,000/- (1.3 Crores)

Our one of the most philanthropist donor from United Kingdom JANAB MOHAMED KASIM SABAT SAHEB has given commitment of 50% donation of total cost of project.

So we are requesting to all our well-wishers to donate maximum as possible by you in "Lillah"

The name of proposed Institute will be "SABAT INSTITUTE OF COMPUTER SCIENCE"